જૈન શિક્ષાવલી

સુધાબિન્દુ

બીજી શ્રેણી

૧૨

જૈન શિક્ષાવલી : શ્રેણી બીજી : પુષ્પ બારમું

સુધાબિંદુ

*

લેખક :
પરમ પૂજ્ય પંન્યાસ મહારાજ
શ્રી ધુરંધરવિજયજી

સંપાદક :
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

*

પ્રકાશક :
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
મુંબઈ — ૯.

મૂલ્ય : પચાસ નયા પૈસા

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક: જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,
ચીંચ બંદર, મુંબઈ-૯.

પ્રથમ આવૃત્તિ
સં. ૨૦૧૬, સને ૧૯૬૦
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :-
મણિલાલ છગનલાલ શાહ.
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

વિશેષ આભારદર્શન

જૈન શિક્ષાવલીની બીજી શ્રેણીનું પ્રકાશન સમયસર થવામાં અનેક વ્યક્તિઓનો સહકાર કારણભૂત છે. પૂ. પં. મ. શ્રી ભાનુ-વિજયજી ગણિવર્યે અનેકવિધ પ્રતિકૂળ સંયોગોમાં પણ આ શ્રેણીના બધા નિબંધો કાળજીપૂર્વક તપાસી આપ્યા તથા તેના અગાઉથી ગ્રાહક બનવા માટે શ્રાવકસમુદાયને પ્રેરણા કરી, તે માટે તેમના ખાસ આભારી છીએ.

પૂ. પં. મ. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યે પણ આ શ્રેણીનાં પ્રકાશન–પ્રચારમાં પહેલેથી જ રસ લીધો છે અને આ શ્રેણીના ચાર નિબંધો તપાસી આપેલા છે, તેમજ અગાઉથી ગ્રાહક બનવાની અનેક ગૃહસ્થોને પ્રેરણા કરી છે, તે માટે તેમના પણ ખાસ આભારી છીએ. તેમનાં શિષ્યરત્ન પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી તથા પૂ. મુ. શ્રી કલ્યાણપ્રભવિજયજીએ પણ આ કાર્યમાં સુંદર સહકાર આપ્યો છે, તેમને પણ કેમ ભૂલાય ?

પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી તથા તેમનાં શિષ્યરત્ન શતાવધાની મુનિરાજ શ્રી કીર્તિવિજયજીએ પણ આ કાર્યને ઘણું પ્રોત્સાહન આપ્યું છે, તે માટે તેમનો પણ અમે ખાસ આભાર માનીએ છીએ.

જામનગરનિવાસી શેઠ પ્રેમચંદ વ્રજલાલ શાહે પહેલી શ્રેણીના ૧૦૦ સેટો લીધા હતા અને બીજી શ્રેણીના ૨૫૦ સેટોનું વચન આપી અમને ઘણા ઉત્સાહિત કર્યા છે. તેજ રીતે શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ ચંદુલાલ વર્ધમાન, શેઠ ચતુરભાઇ નગીનદાસ, શેઠ વાડીલાલ મન-સુખરામ, શેઠ જીવતલાલ પ્રતાપશી, શેઠ જયંતિલાલ રતનચંદ, શ્રી નાગકુમાર મકાતી, શેઠ શ્રી પ્રેમજી કોરશી, શ્રી ચંદ્રકાંત દેવશી વગેરેએ તેમજ કોટ જૈન શ્વે. મૂ. સંઘ તથા પ્રીન્સેસ સ્ટ્રીટ લુહારચાલ જૈન

શ્વે. મૂ. સંઘે પણ અગાઉથી સારી સંખ્યામાં સેટો નોંધાવવાને લીધે જ બીજી શ્રેણીનું પ્રકાશનકાર્ય ઉત્સાહભેર થઈ શકયું છે, તે માટે તે સહુનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકોમાં મે. શાપરિયા ડોક એન્ડ સ્ટીલ વર્કસ. મે. અમૃતલાલ એન્ડ કાં., શ્રી રામ મીલ્સ, શ્રી ચીમનલાલ મણિલાલ સોનાવાલા, શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી ક્ષત્રિય જૈન ધર્મપ્રચારકસભા, શ્રી આત્માનંદ જૈન સભા, શ્રી રામતીર્થ યોગાશ્રમ વગેરે સંસ્થાઓએ પોતાનું વિજ્ઞાપન આપીને અમારાં કાર્યમાં મદદ કરી છે, તે માટે તેમનો આભાર માનવાની તક લઇએ છીએ.

આ સિવાય શ્રી ફત્તેહચંદભાઈ ઝવેરભાઈ, શ્રી પ્રાણજીવન હ. ગાંધી, શ્રી મનહરલાલ બી. શાહ વગેરેએ પણ સૂચના સલાહ આપી અમારાં કાર્યને સરળ બનાવ્યું છે, તે માટે તેમનો પણ અહીં ઋણ સ્વીકાર કરીએ છીએ.

જેમણે અગાઉથી ગ્રાહક તરીકે પોતાનાં નામો નોંધાવ્યાં છે, તેમણે પણ પ્રકાશનને પગભર થવામાં મદદ કરેલી હોઇ તે સહુનો આભાર માન્યા વિના રહી શકતા નથી.

શિક્ષાવલીની ત્રીજી શ્રેણીનો યોજના પુસ્તકોનાં પૂંઠાં પર જોઈ શકાશે. આ શ્રેણીનાં પ્રકાશનમાં પણ બધાનો પૂર્વવત્ સહકાર સાંપડશે, એવી આશા છે.

—પ્રકાશક.

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

સુધાબિંદુ

[પ. પૂ. પંન્યાસ મહારાજશ્રી ધુરંધરવિજયજી જૈનશ્રુતના ધુરંધર ઉપાસક છે. તેમણે આજ સુધીમાં વિદ્વદ્‌ભોગ્ય તેમજ સર્વોપયોગી અનેક ગ્રંથો લખેલા છે, તેમજ પોતાનાં ચિંતન–મનનનો લાભ સામયિકો દ્વારા સમાજને આપેલો છે. તેઓશ્રી છેલ્લા ત્રણ ચાર વર્ષથી જ્યારે જ્યારે કોઈ સુવિચાર આવે ત્યારે તેને નોંધપોથીમાં ટપકાવી લેતા. આ રીતે આશરે એક હજાર જેટલા સુવિચારોનો સંગ્રહ થયેલો. તે અમારી નજરે પડ્યો અને તેમાંના સુવિચારોનું નિરીક્ષણ કરતાં તે અમને સુધાબિંદુ જેવા લાગ્યા, એટલે તેમાંથી ચૂંટેલા ૧૭૪ સુવિચારો સુધાબિંદુ તરીકે અહીં રજૂ કર્યાં છે. આશા છે કે તે પાઠકોને ખૂબ ગમશે અને જીવનોત્કર્ષની સુંદર સામગ્રી પૂરી પાડશે. સંપાદક.]

૧. શુદ્ધદેવ, શુદ્ધગુરુ અને શુદ્ધ ધર્મ એ ઉત્તમોત્તમ છે.

૨. કાજળ ઘેરી અંધારી રાતમાં ધર્મ એ વિદ્યુતરેખા સમાન છે.

૩. ધર્મનો એક અંશ પણ જો શુદ્ધ હોય તો કરોડો મણપ્રમાણ કર્મનાં કાષ્ઠને બાળી નાખવા સમર્થ છે.

૪. દૃષ્ટિ સ્પષ્ટ, નિર્મળ અને સૂક્ષ્મ રાખવી.

૫. પરપદાર્થોના મેરુ જેવડા ઢગ કરતાં સ્વપદાર્થનો અણુ વધુ કિંમતી છે.

૬. નકામા ઘણા શબ્દો બોલવાથી વચનશક્તિ ઘટે છે.

૭. લાભદાયક કઠિન કાર્યોનો સતત અભ્યાસ અલ્પ પણ રાખવો.

૮. અભ્યાસ છૂટી જવાથી સહજસાધ્ય પણ દુઃસાધ્ય બની જાય છે.

૯. ઉત્તમ–સર્વોત્તમ પર રાખેલો વિશ્વાસ અચૂક ફળે છે.

૧૦. વિશ્વાસની ભૂમિકાઓમાં તરતમતાઓ ઘણી છે. અને તેથી ફળપ્રાપ્તિમાં પણ તરતમતાઓ જોવામાં આવે છે.

૧૧. કોઈનો પણ દ્રોહ ન કરવો–પણ મોહનો દ્રોહ કરવામાં જરી પણ–ક્ષણપણ વિચાર ન કરવો.

૧૨. દુઃખ જેટલું અપ્રિય છે, તેટલાં તેના કારણો અપ્રિય નથી લાગતાં. તેમાં શું કારણ છે, એ વારંવાર વિચારવું અને તેનાં કારણો પ્રત્યે અપ્રીતિ જાગે એમ કરવું.

૧૩. વસ્તુ યોગ્ય હોય, યોગ્ય પાસેથી યોગ્ય રીતે મેળવી હોય અને ફાયદો ન આપે, એટલું જ નહિ પણ શરૂ–શરૂમાં નુકશાન દેખાડે એટલે તે યોગ્ય વસ્તુને છોડી દેવાની ઉતાવળ કરવી નહિ. વસ્તુ યોગ્ય છે અને યોગ્ય વ્યક્તિએ યોગ્ય રીતે વિચારીને આપી છે કે પોતે વિચારપૂર્વક યોગ્ય વસ્તુ ગ્રહણ કરી છે, તો તેનું સારૂં પરિણામ આવે ત્યાં સુધી ધીરજ રાખવી. ધૈર્યના અભાવે વસ્તુને અયોગ્ય માનવી એ ઉચિત નથી. ધૈર્ય રાખવા છતાં લાંબે ગાળે પણ

વસ્તુ સુયોગ્ય પરિણામ ન દેખાડે તો પરિણામ કેમ નથી આવતું? તેનો ઉચિત વિચાર કરવો. પોતાને માફક ન આવે એથી યોગ્ય વસ્તુ અયોગ્ય છે, એમ તો ન જ માનવું.

૧૪. માન ચાહે જો જગતમાં,
જ્ઞાનીનું કહેવું માન;
નહિ તો મળતાં માનપાન,
કરશે તુજ અપમાન.

૧૫. ભાગ્યાનુરૂપ ભવ્યતા
પણ આત્મભવ્યતા ઓર,
એ ભવ્યતાની આગળે
ન ચાલે અન્યનું જોર.

૧૬. સાર નથી ફળ–ફૂલમાં,
જો વધતો વિસ્તાર;
વટવૃક્ષને સહુ ઈચ્છતા,
છાયાને અનુસાર.

૧૭. લોઢાની ડબ્બી વિષે,
પારસમણિ કદી હોય?
અન્તરપટ અળગું થયે,
દોષ ન રહેશે કોય.

૧૮. શ્યામ વર્ણ શિરે ચઢ્યો,
ને રક્ત ચરણતલ માં'ય;
પણ જો અન્તર ઉજળું,
તો સર્વે વખણાય.

૧૯. સ્નેહથી જન્મે શ્યામતા,
સ્નેહે વધે ચીકાશ;
પણ સહુ ચાહે સ્નેહને;
સ્નેહથી હોય પ્રકાશ.

૨૦. શ્લોક ચહો જો લોકમાં;
ગોખો અડધો શ્લોક;
પુણ્ય કાર્યને આચરો,
કરો પાપનો રોક.

૨૧. શ્લોકથી શ્લોક વધે ઘણો,
હોય જો શ્લોકે સાર;
સાર વિનાના શ્લોકથી,
થાયે લુપ્ત લકાર.

૨૨. જે જે તારા હાથમાં,
તે તું પહેલા ચાખ;
હાથ બહારની વાતમાં,
કદી ન ઈચ્છા રાખ.

૨૩. દેવ, ગુરુ અને ધર્મ વિશ્વમાં અનેક પ્રકારે છે, એટલે એ ત્રણેમાં 'શુદ્ધ' એવું વિશેષણ જોડવું અનિવાર્ય છે.

૨૪. પોતાનું જ્યાં સ્થાન છે, તેમાં વિશેષતાઓ કઈ કઈ છે તે વારંવાર વિચારવી અને તે પ્રમાણિકપણે, નહિ કે કલ્પના માત્રથી, એ સ્થાનથી પ્રાપ્ત થતા લાભો મેળવવા એ એક જાતની સુંદર કળા છે.

૨૫. બીજાની વાત કરતાં પહેલાં તમે પોતે ક્યાં છો? તેનો પૂરતો વિચાર કરો.

૨૬. આપણને જે વસ્તુ ઉપયોગી નથી, તે વસ્તુ બીજાને ઉપયોગી હોય છે. એ સ્થિતિમાં સામો આભાર માને કે ન માને પણ વસ્તુ છોડનારને લાભ થાય છે. આ સ્થિતિમાં અનુપયોગી વસ્તુ ન છોડનારને તત્કાલ દેખાતું નુકશાન લાગતું નથી, પણ પરંપરાએ નુકશાન જરૂર થાય છે. મોહ વધે છે. વખત જતાં ઉપયોગી પ્રાપ્તિ પણ તેને દુર્લભ થઈ પડે છે. આ કરતાં પણ કેટલાકની ભયંકરતા–વિષમતા એવી હોય છે કે તેઓ પોતાને નુકશાન કરતી વસ્તુ પણ છોડી શકતા નથી અને નુકશાન સહન કર્યા કરે છે. એ તો નરી મૂઢતા છે, અજ્ઞાન છે. મોહને દૂર કરીને નુકશાન કરતી અને નકામી વસ્તુઓનો ત્યાગ કરતાં શીખી લેવું જરૂરી છે.

૨૭. જીવન ટકાવી રાખવા માટે કોઈપણ એક વિશિષ્ટ ગુણ કેળવવો આવશ્યક છે. સામાન્ય રીતે કોઇપણ ગુણ માણસને ગમતો હોય છે. એ ગુણ પ્રત્યે વિશેષ લક્ષ્ય રાખીને તે કેળવવાથી બીજા પણ અનેક લાભો થાય છે.

પોતાને રુચતા ગુણ પ્રત્યે બેદરકાર રહેવાથી જતે દિવસે એ ગુણ પણ ઓછો થઈ જાય છે. રોજ થોડું થોડું સિંચન અને ચિંતન એ તરફ રાખવાથી

એ ગુણની પોષક સામગ્રી અને શોષક સામગ્રી ખ્યાલમાં આવી જાય છે.

ગુણ કેળવનારે પોતાને રુચતો ગુણ કેળવવો એ સર્વશ્રેષ્ઠ છે અને બીજાના ગુણમાં કાંઈ નથી એમ માનવું એ પોતાના ગુણની કિંમત ઘટાડવાનું મોટામાં મોટું કારણ છે. એથી વખત જતા નિજગુણનો નાશ થાય છે અને અન્ય ગુણ આવી શકતા નથી. નિજ-ગુણના રક્ષણ સાથે ઈતર ગુણની અનુમોદના એ ગુણવૃદ્ધિનું પરમ સાધન છે.

૨૮. સમર્થ પર રાખેલ વિશ્વાસ ફળ આપવામાં વિલંબ કરે તો માનવું કે ખામી વિશ્વાસમાં છે, નહિ કે જેના પર વિશ્વાસ રાખેલ છે તેમાં.

૨૯. વ્યવહારમાં એમ કહેવાય છે કે ડફણાં વગર ગધેડા સીધા ન ચાલે—પણ એથી ગધેડાને વારંવાર ડફણાં માર્યા કરવા એ વ્યાજબી નથી. ડફણાં માર્યા કરવાની ટેવવાળો ગધેડાને માટે યોગ્ય ન ગણાય. ગધેડાઓ ડફણાં ખાય, પણ જાતિવંત ઘોડાઓ એ સહન ન કરે. ડફણાં મારવાની ટેવવાળો જો જાતિવંત ઘોડાને ડફણું મારે તો પરિણામ એ આવે કે તે ઘોડાને છોડવો પડે કે તે ઘોડાને છોડે. એટલે જે રીતે જેની પાસેથી ઉચિત કાર્ય કરાવાતું હોય તે રીતે તેની પાસે કાર્ય કરાવવું અને તે રીત પણ તે કાર્ય કરાવવા પૂરતી અજમાવવી એ હિતકર છે.

૩૦. જ્યારે કોઇપણ એમ કહે છે કે અમુક સમયે મારે કંઈપણ કામ નથી–ત્યારે સમજવું કે એનામાં અજ્ઞાન અને પ્રમાદ જીવતા જાગતા બેઠા છે. અપ્રમાદી અને જ્ઞાનીને કોઈપણ સમય નવરાશ હોતી નથી.

૩૧. પોતાનાં સાધ્યમાં એકલીન થયેલો બગલો જો સાધ્યને સુધારે તો શું ન સાધી શકે ?

૩૨. વય આદિની યોગ્યતા આવ્યા છતાં અન્યની દયા પર જીવન વ્યતીત કરવું પડે તે કરતાં અન્ય કોઇ કમનસીબી વિશેષ બૂરી નથી.

૩૩. પોતે કેળવેલા ગુણો સાચવવા જરૂરી છે, પણ તે ગુણોની અન્યમાં ક્ષતિ જણાય તો તેથી તે હીન છે એવું માનવાની ભૂલ કરવી નહિ. અન્યમાં પણ કોઈ અન્ય ગુણ જરૂર ખીલેલો હોય છે. તે જોવાની દૃષ્ટિ કેળવવાથી હીનભાવ આવશે નહિ. એજ પ્રમાણે નિજમાં પણ કોઈ કોઈ ગુણ–જે જરૂરી ગણાતા હોય તેની પણ ખામી હોય છે–એ વિચારણાથી અન્ય તરફ જાગતો હીનભાવ ચાલ્યો જશે. સર્વગુણસંપન્ન સર્વજ્ઞ પરમાત્મા છે. બાકી તો ગુણોની તરતમતા રહેવાની. એટલું જરૂર છે કે અમુક ગુણો હોવા જોઈએ. એ ન હોય તો ન ચાલે. અમુક દોષો ન હોવા જોઈએ, એ હોય તો પણ ન ચાલે. એ પણ અવસ્થાભેદકૃત ભિન્ન ભિન્ન છે.

૩૪. કોઈના પણ દોષો જોયા કરવાથી તે દોષો જેનામ

છે તેના પ્રત્યે નફરત જાગે છે. એ નફરત એટલી ખરાબ છે કે દોષોવાળી વ્યક્તિમાં રહેલ સારા મહાન ગુણોનું ભાન કરવા દેતી નથી, એથી એ વ્યક્તિને આપણે ખૂબ અન્યાય કરીએ છીએ. ખરે સમયે આપણને એ ગુણની આવશ્યકતા હોય, ત્યારે એ નફરત આડી આવે છે અને આપણે રઝળી જઈએ છીએ. એટલે પરદોષદર્શન કરવામાં વિવેકની ખાસ જરૂર છે.

૩૫. માણસને કેળવવામાં આવે તો તેની કિંમત ઘણી જ વધી જાય છે, પણ માણસ માત્ર કેળવી શકાતા નથી. તેની પણ મર્યાદા હોય છે. એ મર્યાદામાં જાતિ-કુળ આદિ પ્રધાન ભાગ ભજવે છે. કોઈ વ્યક્તિ અપવાદભૂત નીકળે એથી એ મર્યાદાને બાધ આવતો નથી, એટલે મર્યાદા વિચારીને કરેલો યત્ન સાર્થક બને છે.

૩૬. કેળવાએલ પશુ માનવ કરતાં વિશેષ કિંમતી છે, અણકેળવાએલ માનવ પશુ કરતાં પણ નપાવટ છે.

૩૭. પ્રાણી માત્રની દયા ચાહનાર કદીપણ દયા પાત્ર થતો નથી, અને પ્રાણી માત્રની દયાને ઉવેખનાર કદી પણ દયાપાત્ર મટતો નથી. જ્યારે જ્યારે અન્યની દયા માંગવી પડે છે, ત્યારે ત્યારે વિચારવું કે હજુ પોતાનામાં દયાની ઓછાશ છે. દયાની પૂર્ણતા થયા પછી કોઈની પણ દયા યાચવી પડશે નહિ.

૩૮. મુક્તિ નજીક છે કે દૂર એ જ્ઞાની સિવાય કોઇ જાણી શકતું નથી, પણ એની કલ્પના થઈ શકે છે. નકામી વસ્તુઓથી મુક્તિ મેળવનાર અને નકામી વૃત્તિઓથી મુક્તિ મેળવનાર આત્મા મુક્તિની નિકટ છે. નકામી વસ્તુઓને પકડી રાખનાર અને નકામી વૃત્તિઓને પકડી રાખનારની મુક્તિ દૂર છે, એમ સાપેક્ષભાવે કહી શકાય.

૩૯. કેટલાંક કાર્યો કરવા પડતા હોય છે છતાં એ કાર્ય કરતી વખતે ખિન્નતા ન રાખવી જરૂરી છે. કરવા યોગ્ય એ જૂદી વાત છે અને ખિન્નતાપૂર્વક કરવું એ જુદી વાત છે.

૪૦. કોઇ સારૂં કાર્ય કર્યા પછી તેની કદર યોગ્ય આત્માઓને હાથે થાય એ વ્યાજબી છે. એથી કાર્ય દીપી ઉઠે છે. પણ કાર્ય કરનાર જો એવી આકાંક્ષા રાખે તો તે એક ભૂલ છે, એમ સમજવું જોઇએ. એવી ભૂલ થાય છે, થઈ જાય એ સ્વાભાવિક છે, પણ એ ભૂલ છે એટલું લક્ષ્યમાં રહે તો એકંદર લાભ છે, નહિં તો સારૂં કર્યા બાદ તેની કદર ન થાય તો કાર્ય કરનાર કાર્ય છોડી દે છે, એટલે એક ભૂલ કદર ન કરનારે કરી અને બીજી ભૂલ કાર્ય કરનારે કરી. પછી તો ભૂલની પરંપરા વધતી જાય છે. એટલે ગમે ત્યાં ભૂલને અટકાવવી એ સુજ્ઞની ફરજ છે.

૪૧. તેલ, વાટ અને જ્યોતિથી પ્રકટતો દીપક પ્રકાશ પાથરે છે. તેમાં જ્યોતિ કિંમતી છે એ યથાર્થ છે, પણ તેથી તેલ-વાટની તદ્દન સાધારણ કિંમત છે એમ ન સમજવું જોઈએ. પાણીમાં વાટ મૂકીને જ્યોતિ કરવામાં આવે તો પ્રયત્ન નિષ્ફળ જશે, એ પ્રમાણે તેલમાં કાષ્ટ કે લોઢું મુકીને સળગાવવાથી કાંઇ વળશે નહિ. તેલ અને વાટ એમને એમ દિવસો સુધી પડ્યા રહે તો પણ તેનો કાંઈ અર્થ નથી, જ્યોતિનો સંયોગ થવાથી એ જળહળી ઉઠે છે. સૌ પોતપોતાનાં ક્ષેત્રમાં ઉપયોગી છે અને એ પ્રમાણે તે તે વસ્તુની ઉપયોગિતામાં તેનું મહત્ત્વ છે.

૪૨. છદ્મસ્થ જીવનો વિકાસ હમેશાંને માટે અપૂર્ણ હોય છે. એક વિષયને તે પરિપૂર્ણ સમજી-જાણી શકતો નથી. એટલે એવા જીવોએ કોઈપણ વાતમાં આ મારો અભિપ્રાય છેવટનો છે એવો નિર્ણય રાખવો કે કહેવો એ ડહાપણ નથી. પોતે જેમાં શ્રમ કર્યો હોય, અનુભવ મેળવ્યો હોય તેમાં પણ ફેર પડી જાય છે, તો જેમાં એનો શ્રમ કે અનુભવ નથી તેમાં તેની સમજણ સાચી કેમ હોઇ શકે? ન જ હોઈ શકે. છતાં જીવનો એવો વિચિત્ર સ્વભાવ છે કે એવા અનેક વિષયમાં આગ્રહપૂર્વક માથું માર્યા કરે છે અને આગ્રહ વધાર્યા કરે છે. સર્વજ્ઞકથિત ભાવો નિરાગ્રહ ભાવે કહેવામાં કોઇ આપત્તિ રહેતી નથી.

એટલે એ ભાવો સ્પષ્ટપણે કહેવાથી સ્વપરનું હિત થાય છે.

૪૩. તાળાં ઘણાં છે અને બધાં બંધ છે. તે દરેકની ચાવીઓ પણ પાસે જ પડી છે. પણ કયા તાળાની કઈ ચાવી છે એ ગૂંચવણ છે. એ ગુંચવણ બે રીતે દૂર થઇ શકે છે. એક તો અનુભવથી એટલે કે ચાવીઓ લાગુ કરતા કરતા જે ચાવી લાગુ પડી જાય તે ચાવીને બરાબર વ્યવસ્થિત કરી લેવાથી, અને બીજું એવાં તાળાઓ જેણે ઉઘાડયાં છે એવા જ્ઞાનીનાં વચનથી, જ્ઞાની બતાવે એ પ્રમાણે કરવાથી.

૪૪. જ્યારે પ્રસંગ આવે છે, ત્યારે છૂપાએલી શક્તિ બહાર આવે છે, પણ તમે એવા પ્રસંગે નિરુત્સાહી ન રહેતા. તમારા નિરુત્સાહથી તમારી બહાર આવતી શકિત શરમાઇ જશે—કરમાઇ જશે અને એ રીતે તમારું ઉત્થાન દૂર ચાલ્યું જશે.

૪૫. ઘણી વખત સારી વૃત્તિઓ આવે છે પણ એ લાંબો વખત ટકતી નથી, જ્યારે ખરાબ વૃત્તિઓ દૂર કરવાનો પ્રયત્ન કરવા છતાં દૂર થતી નથી. પણ એ અદ્ભુત નથી. ખરાબ વૃત્તિઓનો સંસર્ગ ઘણા લાંબા કાળનો ચાલુ છે, અને સારી વૃત્તિઓનો પરિચય નવો નવો છે. એટલે જો સારી વૃત્તિઓ સ્થિર કરવાની ભાવના હોય તો વારંવાર તેનો પરિચય સાધ્યા

કરવો જરૂરી છે. પરિચય વધતાં પહેલાં કરતાં પરિણામ વિપરીત આવવા માંડશે.

૪૬. ગુણ મેળવવા બહુ મુશ્કેલ નથી. ગુણ એટલાં આકર્ષક છે કે જ્યારે તેનો પ્રથમ પરિચય થાય છે ત્યારે સહેલાઈથી તે લઈ લેવાય છે, પણ એ લીધા પછી તેને ટકાવી રાખવાનું કાર્ય ખૂબજ મુશ્કેલ છે. એ પ્રમાણે દોષ મેળવવા બહુ સહેલા નથી, પણ એ મળી ગયા પછી તેને દૂર કરવા એ બહુ કપરૂં કામ છે.

૪૭. બાહ્ય પ્રવૃત્તિઓના સાતત્યને લીધે—આન્તર શકિતઓનો અવરોધ થાય છે. લાખો બાહ્ય શકિતઓ જે કાર્ય કરી શકતી નથી તે કાર્ય સહજ રીતે કરવાનું સામર્થ્ય આન્તરશકિતમાં છે. પણ તેને અવકાશ મળે ત્યારે તેનો અનુભવ થાય. એ અવકાશ આપવા માટે બાહ્ય પ્રવૃત્તિઓનું સાતત્ય તોડી નાખવું જોઈએ.

૪૮. જે કાર્યની સમાપ્તિ થયા પછી "હાશ" એવો અવાજ જાગે ત્યારે સમજવું કે એ કાર્ય તમને ભારરૂપ હતું.

૪૯. બીજાને બેવકૂફ બનાવનાર પોતે મોટો બેવકૂફ છે.

૫૦. ઘાસનું નાનું તણખલું કે જેનામાં કાંઈપણ શકિત નથી, જેની કાંઈપણ કિંમત નથી, તે પણ જો છિદ્ર મેળવીને પગમાં પેસી જાય તો માણસ જેવા માણસને આગળ વધતો અટકાવી દે છે અને જો ઉડીને આંખમાં પેસી

જાય તો તોબા પોકરાવે છે, એટલે સામો પક્ષ શુદ્ધ છે, એ શું કરી નાખવાનો છે? એવી ગફલતમાં કદી ન રહેતા.

૫૧. સારી વસ્તુ પોતાની પાસે રહે એવી ઇચ્છા કરતાં સારું યોગ્ય સ્થળે રહે એવી ઇચ્છા કેળવવાથી સારી વસ્તુનો સદુપયોગ થાય છે. એથી વિપરીત થવાથી અનર્થ અને તેની પરંપરા વધે છે.

૫૨. કોઇપણ નિરૂપણ કરતી વખતે દષ્ટિ એક તરફ હોય છે એટલે નિરૂપણ કરનારે અતિભાર કે અતિ-આગ્રહ ધારણ કરવો હિતાવહ નથી. ફરી વખત પ્રથમથી જુદી જાતનું નિરૂપણ કરવાનું આવવાનું છે. તે વખતે પ્રથમના આગ્રહાદિ આડા આવશે. જો કર્યા હશે તો, નહિ કર્યા હોય તો કાંઈ વાંધો નહિ આવે.

૫૩. મોરની રમણીયતા અને નૃત્યનો પરિચય ન હોય તો પણ તેને સાચવવો જરૂરી છે. આજે પરિચય નથી પણ વખત જતાં પરિચય થશે. પરિચય મળશે ત્યારે જો સાચવણી નહિ કરી હોય તો તેનું પારાવાર દુઃખ થશે. પરિચય હોય તો સાચવવાની ફરજ છે.

૫૪. ક્ષેત્ર અને કાળની અપેક્ષાએ માનવો એકંદર સુખી છે—પરમ સુખી છે.

૫૫. ઇન્દ્રિયોની અવળચંડાઈ નથી. અવળચંડાઇ તો ઇન્દ્રિયો જેની છે તેની છે.

૫૬. પોતામાં જે નથી તેનો પ્રચાર અન્ય તરફથી પોતાની જાણમાં હોવા છતાં ચાલવા દેવો એ પણ એક દંભ છે. એ દંભથી થોડો સમય લાભ દેખાય છે પણ પરિણામે નુકશાન થાય છે. આગળ વધવા ઈચ્છનારે આવો દંભ ચાલવા દેવો નહિ. એથી તત્કાલ અલ્પતા લાગશે પણ પરિણામે લાભ જ થશે.

૫૭. થોડા અને થોડા સમયનાં સુખ માટે મોટું અને લાંબા સમયનું દુઃખ આવી મળે એવી પ્રવૃત્તિને સારી સમજણપૂર્વકની કેમ કહી શકાય? ન જ કહી શકાય. છતાં વિશ્વના મોટા ભાગના જીવો એવી પ્રવૃત્તિ કરી રહ્યા છે, એટલે જગતમાં મોટા ભાગના જીવો અણસમજુ અને ગેરસમજૂતિવાળા છે. જ્યારે જીવને સાચી સમજણ પ્રાપ્ત થાય છે ત્યારે તે એવી દુઃખજનક પ્રવૃત્તિથી પાછો ફરે છે. પ્રથમનું ચક્ર ગતિમાં હોય ત્યાં સુધી એવી પ્રવૃત્તિ ચાલ્યા કરે છે. પણ બીજો ધક્કો ન વાગે તો એવી પ્રવૃત્તિ વિરામ પામે છે.

૫૮. કમળો હોય તેને ઉજળું હોય એ પીળું દેખાય, એમાં કમળાવાળો દૂષિત છે એ યથાર્થ છે, પણ પીળું હોય એ જે સારી આંખવાળાને પીળું દેખાતું હોય, અને તે કહેવાને પ્રસંગે પીળાને પીળું કહેતો હોય એમાં એ દૂષિત નથી. પછી પીળું જેનું છે એ એને ઉજળું જણાવવા સારી આંખવાળાને

કમળો થયો છે એમ કહે તેથી શું ! એમાં તો એ કહેનાર જ દૂષિત છે.

૫૯. બન્ને ગાડીઓ પોતપોતાને પાટે ચાલી જતી હોય તો પછી ભલે તે સામે સામે હોય કે બાજુ બાજુમાં હોય. અથડામણ થવાનો કોઈ પ્રસંગ આવતો નથી. એમાં ફેર થાય તો સાવચેતી રાખવી જરૂરી છે, નહિ તો અથડામણ થયા વગર રહે નહિ.

૬૦. કેટલાએક 'આત્માને ઓળખો, આત્માને વિચારો, આત્માને સમજો,' એમ આત્માને આગળ ધરીને આત્મા આત્મા ગોખ્યા કરે છે અને ગોખાવ્યા કરે છે. પણ એમ આત્માને નામે ગમે તેમ ચલાવવાથી તેઓના પોતાના આત્માનું પણ કાંઈ વળતું નથી. આત્માને સમજવો આવશ્યક હોવા છતાં તે તેની રીતે સમજાય છે. રીત સમજવી જરૂરી છે. રીતે ચાલવાથી આત્મજ્ઞાન આપો આપ થાય છે. રીત સમજ્યા વગર આત્મા આત્મા ગોખ્યા કરવાથી આત્મજ્ઞાન થતું નથી.

પણ આત્મા એ શબ્દ એટલો ઉત્તમ છે કે એનો સવળો ઉપયોગ કરવાથી આત્માનું કલ્યાણ થતાં ક્ષણ પણ વિલંબ થતો નથી. અને એનો જ અવળો ઉપયોગ થાય તો રહ્યું સહ્યું આત્મજ્ઞાન ચાલ્યું જાય છે. એ જવામાં પણ ક્ષણનો વિલંબ થતો નથી.

૬૧. પુણ્ય જ્યારે પાપના વાઘા પહેરી લે છે અને પાપ

જ્યારે પુણ્યના વાઘા પહેરી લે છે; ત્યારે સમજવું કે જગત્‌ને રસાતલ પહોંચવામાં વિશેષ વિલંબ નથી.

૬૨. પરથી પ્રાપ્ત થયેલ ઉચ્ચતા એ ખરેખર ઉચ્ચતા નથી.

૬૩. એવાં કાર્યો કરો કે તમે ઉન્નત રહી શકો. ઉન્નત હો કે બળાત્ રહેતા હો તેથી તમે કાયમના ઉન્નત રહી શકશો નહિ. બળાત્ ઉન્નત બનેલા પરિણામે અવનત બને છે, એટલે તમે એવા બનો કે કોઈ બળ તમને અવનત કરી શકે નહિ.

૬૪. જવાબદારી લેતી વખતે સાધારણ લાગતું હોય છે અને ઘણી વખત શક્તિસંપન્ન માણસોનું એ ધારવું સાચું પડતું હોય છે, પણ કોઇક વખત એમાં ફેર પડી જાય છે. તદ્દન સાધારણ જેવી જણાતી જવાબદારી વખત જતાં એટલી ગંભીર નીકળે છે કે એ અદા કરવામાં ખૂબ જ સામર્થ્યની જરૂર પડે છે. એવી સ્થિતિમાં બહુ વિવેકપૂર્વક વર્તન કરવાની જરૂર છે. જેના અંગે જવાબદારી સ્વીકારી હોય, તે વર્ગ અનુરૂપ ન બોલે, પ્રકૃતિની વિષમતાઓ વધવાના અનેક પ્રસંગો ઊભા થાય, ત્યારે સમત્વને ગુમાવ્યા સિવાય અનેકની સહાય યાચીને પણ જવાબદારી અદા કરવી. એ પણ ન બને તેમ હોય ત્યારે વિભાવ ઉત્પન્ન ન થાય એટલું લક્ષ્ય રાખીને યથાશક્ય કરી છૂટવું.

૬૫. (૧) હારને માટે આહારનો ત્યાગ કરવો પડે છે.
(૨) હાર સંહાર સર્જે છે, જ્યારે કેટલાક હાર સંહારને દૂર કરે છે.
(૩) હાર પહેરીને વિહાર કરવા ઇચ્છનારે તેમાં હાર છે કે નહિ એ વિચારવું જોઈએ.
(૪) હારની પાછળ અનેક પ્રહારો પડેલા છે.
(૫) હારની હાર લાગતી હોય ત્યારે તેમાં રાચનારની હાર થતી હોય છે.
(૬) હાર તો મહાર પણ પહેરી શકે છે, એટલે હાર પહેરવા માત્રથી મહાન્ થવાતું નથી.
(૭) હાર એવો કંઠે ધારણ કરવો કે જેનો કોઈ અપહાર કરી શકે નહિ. એ હાર છે મુક્તિનો.
(૮) નીહાર જ્યારે પ્રકૃતિને મુક્તાહાર પહેરાવે છે, ત્યારે ખરેખર એ દૃશ્ય અવિસ્મરણીય બની જાય છે.

૬૬. કોઈએ નથી કર્યું એવું કરી બતાવવા કરતાં કરવા યોગ્ય કરવામાં વિશેષ ઔચિત્ય અને હિત છે.

૬૭. ભાગ્ય માર્ગ બતાવે છે, જ્યારે પુરુષાર્થ પ્રવૃત્તિ કરાવે છે. માર્ગ જોયા અને જાણ્યા પછી જો પ્રવૃત્તિ કરવામાં નથી આવતી તો આગળ વધી શકાતું નથી, એટલે પ્રવૃત્તિ કરવી ને આગળ વધવું.

૬૮. કેટલાક આત્માઓમાં પુણ્યબળની જાગૃતિ એટલી સુંદર અને વિશિષ્ટ હોય છે કે તેઓ જે કાર્ય હાથમાં

લે છે તે સફળ થાય છે, એટલું જ નહિ પણ બીજાઓ ન ધારતા હોય તેવી સફળતા તેમને સાંપડે છે.

જ્યારે અન્યોને માટે એ કાર્ય અશક્ય નહિ તો દુઃશક્ય જરૂર હોય છે. સામે કેટલાક આત્માઓ એવા ભાગ્યના ભારે હોય છે કે સહેલું અને સારૂં કાર્ય પણ એમના હાથમાં ગયા પછી ભારે થઈ જાય છે. એવું તો ભારે થઈ જાય છે કે એ જ કાર્ય પછીથી બીજાને કરવું હોય તો પણ મુશ્કેલ થઈ પડે છે. એટલે આવી સ્થિતિમાં સમજુ માણસોએ પોતાના કર્મના ઉદયને વિચારીને કાર્ય કરવા પ્રયત્ન કરવો. ભાગ્યબળ ઓછું હોય એવા આત્માઓએ કાર્યથી અલિપ્ત રહેવું અને ભાગ્યશાળી આત્માઓએ કાર્યમાં રસપૂર્વક જોડાવું કે જેથી શ્રેયઃ સાંપડે.

૬૯. જે રસ્તે જવાનું છે તે રસ્તો કેવો છે, તેનું યથાશક્ય જ્ઞાન મેળવી લેવું જોઈએ. રસ્તામાં ઝાડો કેવા આવે છે, પાણી આદિની અનુકૂળતા કેવી છે વગેરે સગવડોનો વિચાર, અને ખાડાટેકરા, કાંટા, વેરાન વગેરે અગવડોનો વિચાર, અન્ય પણ ભય સ્થાનોનો વિચાર કરવો. પૂરતા વિચાર પછી આરંભેલા પ્રયાસમાં બહુ બાધાઓ નડતી નથી. વિચાર ન કર્યો હોય ત્યારે એકાએક આવી પડતી આપત્તિઓ અકળાવી મૂકે છે. તેને દૂર કરવાની દિશા સૂજતી નથી. આ તો અમુક આપત્તિઓ છે તેનો ખ્યાલ હોય એટલે તેને દૂર કરવા માટે પણ સાવધ રહેવાય છે.

આ હકીકત જીવનવ્યવહારમાં પણ વિચારવી. કોઈનો સંસર્ગ કરવામાં પણ વિચારવી. જેનો સંગ કરવાનો છે તેનામાં ગુણો કેટલા અને કેવા છે, એના ગુણોથી પોતાને લાભ કેટલો અને દોષોથી નુકશાન કેટલું, આ વિચારણાપૂર્વક બાંધેલા સમ્બન્ધોનાં પરિણામો એકાએક આવી પડયાં છે એમ લાગતું નથી અને તેથી સંબંધ બાંધનાર અકળાતો નથી.

૭૦. કાર્ય કરનાર, જેનું કાર્ય જેણે કર્યું છે તે તેની પાસે યોગ્ય બદલો માગે તે કરતાં કાર્ય કરાવનાર કાર્ય કરનારને યોગ્ય બદલો આપે એ ઉચિત છે, યોગ્ય છે. કાર્ય કરાવનાર જ્યારે યોગ્ય બદલો આપતો નથી, ત્યારે કાર્ય કરનાર જરૂર હોય કે ન હોય છતાં અધીરો થાય છે અને યોગ્ય બદલાની માંગણી કરે છે. એ માંગણીમાં પણ સમય જતાં તીવ્રતા અને કટુતા પ્રવેશે છે અને પરસ્પર સારાં પરિણામો આવવાને બદલે માઠાં પરિણામો આવે છે.

જ્યારે કાર્ય કરાવનાર યોગ્ય બદલો જાતે જ આપી દે છે, ત્યારે પરિણામો ઉત્તરોત્તર સારાં નીપજે છે. આમાં પણ કોઈ કોઇ પ્રસંગો અપવાદભૂત હોય છે, પણ બહુલતાએ ઉપર પ્રમાણે બને છે.

૭૧. પતન પામતા વિશિષ્ટ આત્માઓને સામે રાખીને પતન પામવું એ વિશિષ્ટતા છે, એમ માનવું એ મહામૂર્ખતા છે.

ઘણા એવી મૂર્ખતામાં રાચતા હોય છે, પણ વિશિષ્ટ આત્માઓને આગળ આવતા વાર લાગતી નથી અને બીજો કદી ઊંચો આવી શકતો નથી. શક્તિશાળી શ્રીમંત કોઈ ધંધામાં ઉંધો પડી જાય તો તે સહન કરી શકે છે. અને ફરી કમાઈને હતો તેવો થઇ જાય છે. શ્રીમંતાઈનું લક્ષણ ગૂમાવવામાં છે એમ સમજીને કોઈ મૂર્ખ, શક્તિ ન હોય છતાં અવળો વેપાર કરીને ગુમાવે તો તેનો આરો જ ન આવે. એટલે અલ્પ શક્તિવાળાએ તો પોતાના તરફ લક્ષ્ય રાખીને ધીરે ધીરે આગળ વધવાનો પ્રયત્ન કરવો એ જ શ્રેયસ્કર છે.

૭૨. કેવળ કર્મની આંખ ઉપર આધાર ન રાખો. પુરુષાર્થની આંખ પણ ઉઘાડી રાખો.

૭૩. વિશિષ્ટ આત્માઓનું પતન પણ ઉન્નતિ માટે છે.

૭૪. કેટલાક માર્ગો સીધા હોય છે, જ્યારે કેટલાક માર્ગો સીધા હોતા નથી. ઈચ્છિત સ્થળ પૂર્વ દિશામાં આવેલ છે. પશ્ચિમમાંથી પૂર્વ તરફ સીધા ચાલ્યા બાદ આગળ વધી શકાય એમ નથી; ઘણા આપત્તિ-સ્થાનો છે. એટલે ઉત્તર કે દક્ષિણ તરફ કેટલુંક જવું પડે છે. વળી આગળ જતાં એ દિશાઓ પણ વિષમ બને છે. એટલે ફરી પશ્ચિમમાં પાછું ફરવું પડે છે. આમ પાછા ફર્યા બાદ વળી પૂર્વ તરફનો નિરાબાધ માર્ગ પ્રાપ્ત થાય છે. આમ કેટલીએ

આંટી ઘૂંટીઓ કરતાં કરતાં આગળ વધતા ઈચ્છિત સ્થળે પહોંચાય છે.

જ્યારે કેટલાક માર્ગ એટલા સીધા હોય છે કે આંખ મીંચીને ચાલ્યા એટલે બસ. સીધે સીધા જ્યાં જવાનું છે ત્યાં પહોંચી જવાના.

સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ મોક્ષનો ધોરી ને સીધો માર્ગ હોવા છતાં આત્મવિશેષે એ માર્ગનું ગમન અનુસરણ ઘણી આંટીઘૂંટીવાળું જોવામાં આવે છે.

પણ ખરેખર એ માર્ગ ઉપર ચડેલા આત્માઓ ભલે ઘણી વખત પાછા ફરતા હોય તો પણ છેવટે પૂર્વમાં જવાના અને ઇચ્છિત સ્થળે પહોંચવાના એ નિશ્ચિત છે.

૭૫. દોરી સહેજ પણ ટૂંકી હોય અને બાંધવાની જગ્યા લાંબી હોય તો પરાણે ખેંચીને બાંધવાનો પ્રયત્ન કરવો એ ડહાપણ નથી. એથી દોરી તૂટી જાય છે. જો દોરી બાંધ્યા વગર છૂટકો જ ન હોય તો કોઈની પણ પાસેથી ખૂટતો ટૂકડો સાંધીને બાંધવા પ્રયત્ન કરવો, પણ વ્યર્થ પ્રયત્ન તો ન જ કરવો.

૭૬. કાર્યો કરતા કરતા ધીરે ધીરે એટલું સમજવું જરૂરી છે, ખાસ જરૂરી છે કે આ કાર્યથી કોને લાભ મળે છે. એમાં પણ સારાં કાર્યો કરનારે તો એ વિચાર ખાસ કરવાની જરૂર છે. જો ધર્મકાર્યોથી

મોહને પુષ્ટિ મળતી હોય તો કેટલું વિચિત્ર કહેવાય? ભલે પ્રારંભિક અવસ્થામાં એ ક્ષન્તવ્ય ગણાતું હોય પણ સદાને માટે એને ક્ષન્તવ્ય ગણી લેવું શ્રેયસ્કર નથી.

૭૭. ઘણી વખત ઘણાં કાર્યો તમે વ્યાજબી જ માનીને આરંભ્યા હોય છે, અને ખરેખર એ કાર્યો વ્યાજબીજ હોય છે. એથી તમને કાંઈ પણ ગેરલાભ હોતો નથી, છતાં તમે એકાદ બે જણાના કહેવાથી મૂકી દ્યો છો. કહેનારામાં કેટલાક એવા હોય છે કે જેઓને તમે એ કાર્ય મૂકી દેવાનું કહો છો તેમાં લાભ હોય છે, જ્યારે કેટલાકને લાભ કાંઈ પણ નથી હોતો. પણ તમે જે કાર્ય કરો છો તેમાં તેઓ લાભ જોઈ શકતા નથી અને તેઓ તમને વારંવાર કહેતા હોય છે કે આવું લાભ વગરનું કાર્ય શું કરો છો! આવું વારંવાર સાંભળવાથી તમારા ઉપર અસર થાય છે અને તે કાર્યને પડતું મૂકો છો. જેમ પેલા બ્રાહ્મણે બકરું–કૂતરું સમજીને પડતું મૂક્યું હતું તેમ.

૭૮. 'હવે એ વાત જવા દો,' એવું કે એવા ભાવનું ઘણી વખત ઘણા કહે છે, ત્યારે તેમાં ચાલતી વાત એવું કહેનારાના લાભની હોતી નથી એ વાત સ્પષ્ટ છે. પછી ભલે એ વાત ગમે તેવી હોય, અને ગેરલાભ પણ ગમે તેવો હોય, પણ આવું બોલનાર

એથી અકળાય છે અને વાત પડતી મૂકવા આગ્રહ સેવે છે.

૭૯. તમારી વાત ખરી છે, એમ અમે માનીએ છીએ, કારણ કે એ વાત તમારી છે, માટે અમારે તેને ખરી માનવી જ પડે, અમારે માનવી જ જોઈએ. જો એમ ન માનીએ તો ક્યાં જઈએ? અમે બીજે નથી જઈ શકતા માટે અમે કહીએ છીએ કે તમારી વાત ખરી છે.

સબળની વાતને નિર્બળ ખરી ન માને તો જાય ક્યાં?

૮૦. જીવન એ જુગાર છે, એમ સામાન્ય રીતે કેટલાકનું જીવન જોતાં લાગે. એમાં પાસા નાખતાં ફાવી જાય તો લાભ થાય, નહિ તો નુકશાન. જીવનના પાસા સવળા પાડતાં આવડવું એ સહેલું નથી. એમાં કાળજી અને કળા જરૂરી છે.

૮૧. દરેક વસ્તુને બે બાજુ હોય છે અને એ સત્ય છે, પણ જે વખતે વસ્તુ ઉપયોગમાં આવતી હોય છે ત્યારે તેની એક બાજુ કામની હોય છે. બીજી બાજુ ઉપયોગમાં લેવાતી હોતી નથી. ઉપયોગમાં ન લેવાતી હોય તેથી તે તુચ્છ છે એમ માનવું એ વ્યાજબી નથી. એજ પ્રમાણે ઉપયોગમાં લેવાતી બાજુનું, ઉપયોગમાં લેનાર કાંઇક વધુ પડતું મહત્ત્વ આંકતો હોય તો તે મોટી ભૂલ કરી રહ્યો છે કે

અણુસમજુ છે એમ માનવું એ પણ વ્યાજબી નથી. ફક્ત ઉપયોગ કરનારને બીજી બાજુનો ખ્યાલ છે કે નહિ એ જાણવું જોઈએ, અને જો ખ્યાલ ન હોય તો વસ્તુને બીજી બાજુ છે એમ સમજાવવું જોઈએ.

૮૨. સારું કાર્ય સારું માનવું અને નબળું કાર્ય નબળું માનવું. પોતાનું છે માટે સારું અને પરનું છે માટે નબળું એવી વિચારણા દોષભરી છે. એથી વિવેકદષ્ટિ ઘટે છે અને પરિણામે સારાં કાર્યથી સદા માટે દૂર ને દૂર રહેવું પડે છે.

૮૩. દુષ્ટો પ્રત્યે નફરત થઈ જાય છે. થઈ જાય છે માટે થવી જોઈએ, થાય છે એ વ્યાજબી છે એમ નહિ; દુષ્ટો ખરાબ હોય છે એ એક રીતે સત્ય છે, પણ દુષ્ટની ખરાબી દુષ્ટતામાં સમાયેલી છે. એટલે નફરત દુષ્ટ પ્રત્યે ન રાખતાં તેનામાં રહેલી દુષ્ટતા પ્રત્યે રાખવી. દુષ્ટનો નાશ કરવા કરતાં તેનામાં રહેલી દુષ્ટતાનો નાશ કરવા પ્રયત્ન કરવો. દુષ્ટને શિક્ષા કરવા કરતાં તેનામાં પડેલી દુષ્ટતાને શિક્ષા મળે એ રીતે શિક્ષા કરવી. દુષ્ટતા દૂર કરવા માટે તે ક્યાંથી અને શાથી આવે છે, તેનાં કારણો બરાબર તપાસવાં, અને એ કારણો દૂર થાય એવા પ્રયત્નો કરવા. એથી દુષ્ટતા દૂર થાય છે અને પરિણામ ઘણું જ સુંદર આવે છે. એ પરિણામ લાવવા માટે

જોઇને પણ મૂળ કારણમાં દુષ્ટ માનવો નહિ એ પ્રથમ આવશ્યકતા છે.

૮૪. જેને માટે ઘણું ઘણું કરવામાં આવે છે, તે વસ્તુ ઘણું ઘણું કરવાથી મળવાની નથી. થોડું પણ રીતથી કરવાથી મળે, એટલે રીત જાણવાની જરૂર છે.

સુખ મેળવવા માટે રીત જાણવી જોઇએ. રીત વગર સુખ મેળવવાની પ્રક્રિયા દુઃખદાયક બને છે. સ્વાદિષ્ટ ભોજન સુખ આપે છે, પણ તે હદ બહાર કરવામાં આવે તો દુઃખદાયક બની જાય છે. આ પ્રમાણે સર્વમાં સમજવું. માટે બાહ્ય સુખ પણ મેળવવા માટે તેની રીત જાણવી જોઈએ.

આંતર–સુખપ્રાપ્તિ માટે તો વિશેષ આવશ્યકતા છે સમજની.

૮૫. પ્રસન્નતા એ સાધ્ય છે. સાધનસામગ્રી ઘણી એકઠી કરી હોય, એ એકઠી કરવામાં ખૂબ જહેમત ઉઠાવી હોય, સાચવવા માટે પારાવાર પ્રયત્નો કર્યા હોય અને એમાં ને એમાં જીવનની ક્ષણો વ્યતીત થતી હોય તો લાભ શો? એ સર્વ કરવામાં પ્રસન્નતા રહેતી હોય તો કાંઇક લાભ ખરો, પણ એમ ન હોય અને પછીથી પ્રસન્નતા મેળવવાની હોય તો તે ક્યારે મેળવવાની છે? મળવાની છે કે નહિ? કેવી રીતે મળવાની છે? એ જરીક વિચારવા જેવું છે. એ વિચાર આવશે તો સમજાશે કે પોતાની ભૂલ ક્યાં છે?

૮૬. પ્રાથમિક જીવનમાં જાતે અનુભવ લઈને આગળ વધવાનો માર્ગ જોખમી છે.

જ્યારે અનુભવીઓની દોરવણી પ્રમાણે આગળ વધી શકાય છે અને જોખમ રહેતું નથી. ફક્ત તેમાં જરૂરી છે સમર્પણભાવ અને સહનશીલતા.

૮૭. જ્યારે મોહ હોય છે ત્યારે ફુટેલી હાંડલી માટે મરી જાય છે અને મોહ ઉતરી ગયા પછી મોટા રાજ્યનો ત્યાગ કરતાં ક્ષણનો પણ વિલંબ થતો નથી.

વસ્તુ વસ્તુરૂપે જુદી છે અને વસ્તુ ઉપરનો મોહ એ જુદી વસ્તુ છે.

૮૮. અકળાયલું મન કેટલીક વખત કાંઈનું કાંઈ કરી નાખવા ઈચ્છે છે, પણ કાંઈપણ કરી નાખતા પહેલાં મનની અકળામણ દૂર થવા જેટલી રાહ જોવી જરૂરી છે—ખાસ જરૂરી છે. મનની અકળાયેલી સ્થિતિમાં પગલાંનાં પરિણામો કદાચ સારાં હોય તો પણ તે એકંદર આવકારવા યોગ્ય નથી, કારણકે અકળાએલી સ્થિતિમાં લેવાતાં પગલાંના પરિણામો મોટે ભાગે સારાં હોતાં નથી. સારૂં પરિણામ કોઇ વખત આવી જાય છે તે તો એક અકસ્માત છે. અકસ્માત કોઈક વખત બને છે. જ્યારે માઠાં પરિણામો ઘણી વખત ભોગવવા પડે છે. સ્થિર અને શાંત ચિત્તે વિચાર કરીને ભરેલું પગલું, કદાચ પરિણામ આપણી તરફેણમાં ન લાવે તો પણ ઇચ્છનીય સમજવું.

૮૯. ઘણી વખત ઘણાં માણસો ધર્મ કરતાં હોય છે અને ફળ તરફ જોયા કરતાં હોય છે. ફળમાં ખરેખર ગણાવી શકાય એવું કાંઈપણ પરિણામ ન હોય, સામે વિપરીત પરિણામ આવ્યું હોય અને વધતું જતું હોય ત્યારે ધર્મ કરનારને અને એના તરફ જોનારને વિચિત્ર અને વિરૂપભાવો જાગતા હોય છે. ધર્મી જીવને દુઃખનાં કારણરૂપે પૂર્વકૃત કર્મનો ઉદય છે એ પ્રમાણે કહેવામાં આવે છે અને તે વ્યાજબી છે, પણ તેથી ધર્મ કરનારની સ્થિરતા ચિરકાળ ટકતી નથી, કારણ કે તેની દૃષ્ટિ ફલા-ભિમુખ છે. ફળ તો વિચિત્ર છે. આ પરિસ્થિતિમાં ધર્મસાધના એ પણ એક ફળ છે, એ સાધ્ય છે. એ કાંઈ કોઈનું સાધન નથી. સાપેક્ષ ભાવે જો આ સમજાઈ જાય તો અસંતોષમાં એકદમ ફેર પડી જાય અને આવતાં દુઃખો જે ખરેખર પૂર્વકૃત પરિણામ છે તે ભોગવતાં મીઠાં લાગે. પછી તો આવી દૃષ્ટિ-વાળો આત્મા અન્યને આદર્શ–ભૂત બની જાય.

ધર્મ એ પરમ–પદનું સાધન છે અને એ પુરુષાર્થ તરીકે સાધ્ય છે.

૯૦. હીરાની એક નાનીશી કણી ગમે તેવા કાચને કાપી નાખે છે. જે કાચને કાપવા માટે બીજી કોઇ વસ્તુ એ પ્રમાણે કાર્યક્ષમ થતી નથી. એ જ પ્રમાણે કાચ જેવાં દૂષણો કે પાપોને કાપી નાખવા માટે ધર્મરૂપ–હીરાની કણી બસ છે. પણ એ બનાવટી

ન જોઈએ. જો બનાવટી હશે તો તે પણ કાર્યક્ષમ નહિ બને.

બનાવટી ધર્મ-હીરાકણીને ઉપયોગમાં લેવાથી કાર્ય સધાતું નથી અને સ્વપરમાં અપ્રતીતિ જન્મે છે, માટે શુદ્ધ-હીરાકણી મેળવીને તેનો ઉપયોગ કરવો કે જેથી કાર્ય સિદ્ધ થાય અને વિશ્વમાં વિશ્વાસ વધે.

૯૧. રોગ થવો એ જડતા છે. રોગ થયો હોય છતાં કાંઈપણ રોગ થયો નથી એમ માનવું એ બીજી જડતા છે. આ બીજી જડતામાં સતત વૃદ્ધિ થયા જ કરે છે. આ બંને જડતા સાથે જ્યારે ત્રીજી જડતા પ્રવેશે છે ત્યારે તે જડતામય બની ગયેલું દેખાય છે. એ ત્રીજી જડતા છે, રોગવાળા માણસને કોઈ સુજ્ઞ દયાળુ વૈદ્ય રોગને સમજાવે, તેની દવા આપે અને એ દવાથી તેની રોગજન્ય પીડાઓ શાંત થશે ઇત્યાદિ સર્વ કહે, છતાં પેલો જડ તૈયાર ન થાય. આ છે જડતાનો ઘન.

૯૨. વ્યાધિ થયો છે, તે પીડા કરે છે, તેને દૂર કરવાની ઈચ્છા છે, યોગ્ય વૈદ્ય પાસે જવાનું છે, ત્યાં તે વૈદ્યની અનુકૂળતા પ્રમાણે વર્તવાનું છે. આ સર્વ અનુક્રમે કરવામાં આવે છે.

આટલી તમન્ના જો અંદરના વ્યાધિઓ દૂર કરવા માટે જાગે તો એ વ્યાધિઓને દૂર થતાં ક્ષણ વિલંબ ન થાય. પણ તમન્ના જાગવી જોઈએ.

૯૩. મમત્વનો ત્યાગ એ રીતે કરવો જોઈએ કે એ ત્યાગ પાછળથી અન્ય કોઈ અનિષ્ટને ઉત્પન્ન ન કરે. જો એ રીતે ન કરવામાં આવે તો અનેક અનર્થોની પરંપરા ઊભી થાય છે.

૯૪. વનમાં વૃક્ષ એકલું રહે પણ તેથી શું? વૃક્ષને પોતાનું વ્યક્તિત્વ છે. એ વ્યક્તિત્વથી વનવૃક્ષ વિશિષ્ટ છે. વનવૃક્ષને એકલું લાગે ત્યારે પોતે વૈશિષ્ટય કેળવે તો અનેક તેના થઈ જાય અને એકલ અવસ્થા દૂર થાય. એ વૈશિષ્ટય કેળવવું આવશ્યક છે.

૯૫. દૂર દૂર રહેલી વસ્તુ ક્ષણવારમાં પગ પાસે આવી જાય છે, પણ તે જોવા માટે દૃષ્ટિની જરૂર છે.

૯૬. માર્ગમાં આવેલાં વૃક્ષની ઘટાદાર છાયામાં ઘણા વિશ્રાંતિ લેતા હોય છે, તેથી થોડે થોડે દૂર રહેલા વૃક્ષો (છાયાવાળા) નકામા છે કે ઓછા ઉપયોગી છે એમ માનવું વ્યાજબી નથી. માર્ગમાં જે વૃક્ષ ફાલ્યું-ફૂલ્યુ છે તેમાં ઇતર વૃક્ષોનું સાન્નિધ્ય પણ કારણ છે.

૯૭. જીવનના દૂષિત વર્ણો દૂર કરવા માટે જે રબ્બરનો ઉપયોગ કરવાનો હોય તે પૂરતું કાર્યક્ષમ છે કે નહિ તેની તપાસ કરીને ઉપયોગ કરતાં પૂરતી કાળજી રાખવી. કાળજી વગર સારા રબ્બરનો ઉપયોગ દૂષિત વર્ણને દૂર કરતાં સારા વર્ણને પણ ભૂંસી નાખે છે. કેટલીક વખત 'દૂષિત વર્ણ એમને એમ

રહે છે. કાર્યક્ષમ ન હોય એવા રબ્બરથી દૂર કરવા યોગ્ય વર્ણો જરી પણ દૂર થતા નથી અને ડાઘા ડાઘા પડી જાય છે. એથી મહેનત નકામી જાય છે, એટલું જ નહિ પણ અજુગતું પરિણામ લાવે છે.

૯૮. દોષદર્શન કરવામાં ખૂબ કાળજી રાખવાની જરૂર છે, નહિ તો જેનામાં જે દોષ નથી તે દોષ પેસી જવાની પૂરી સંભાવના છે. કેટલાક દોષો એવા હોય છે કે એનો પરિચય કોઈપણ પ્રકારે કરવા જેવો નથી. સામર્થ્ય આવ્યા પછી તેનો પરિચય ગમે તે રીતે કરાય તેનો વાંધો નહિ, બાકી એવા દોષોનો પરિચય અવળી રીતે કરવાથી પણ એ પેસી જાય એવા હોય છે. એટલે તેથી દૂર રહેવું હિતાવહ છે.

૯૯. વિષમતાઓ વિષમ ભલે હો, પણ એ વિષમતા દૂર કરવાનો માર્ગ વિષમ લેવો કે સમ લેવો એ મરજીની વાત છે. વિષમતાવાળી સ્થિતિ હોય છે ત્યારે તેને દૂર કરવાનો સમમાર્ગ વિષમ લાગે છે અને વિષમ માર્ગ સમ લાગે છે–ગમે છે અને એ રીતે વિષમતામાં ઉમેરો થાય છે.

૧૦૦. ભૂલ કરવામાં જેટલો સમય ગયો છે, તેટલો સમય ભૂલ સુધારવામાં જોઈએ એમ માનવું–મનાવવું એ ભૂલ તરફની નફરત નથી જાગી એમ સૂચવે છે. બાકી ભૂલને સુધારવા માટે એક ક્ષણ બસ છે.

૧૦૧. ભૂલમાંથી ભૂલની પરંપરા જન્મે છે. ગમે ત્યારે તે સુધાર્યા વગર ચાલવાનું નથી, માટે જેમ બને તેમ ભૂલ થયા બાદ જલદી સુધારી લેવા પ્રયત્ન કરવો એમાં ડહાપણ છે.

૧૦૨. કેટલાક ભદ્ર જીવો એટલું સુન્દર અને અનન્ય સાધ્ય કાર્ય કરતા હોય છે, પણ એ કાર્ય કરવા પાછળ તેમનું જે ધ્યેય હોય છે કે લોકો, હું આવું કાર્ય કરું છું, એ જાણે, એથી કાર્યનું પરિણામ સારું આવતું નથી. કાર્ય જો કાર્યનાં રૂપમાં કરવામાં આવે તો અચૂક સારી રીતે ફળે છે.

૧૦૩. જગતમાં સારું ઓછું છે, તેમાં પણ કોઈને પોતાના ભાગ્યયોગે સારા થયેલા દેખો તો તેની અદેખાઈ ન કરો. અદેખાઈ કરવાથી જેના પ્રત્યે તે કરવામાં આવે છે, તેનું ભાગ્ય જો જાગતું હશે તો જરી પણ તેને આંચ નહિ આવે અને અદેખાઈ કરનારને અચૂક નુકશાન થશે. ઉલટું અદેખાઈ ન કરવાથી સામાના ભાગ્યનો થોડો ઘણો અંશ આપણને લાભ કરનાર નીવડશે. સામો કર્મવશ ભાગ્યને વેડફી નાખતો હોય એવું લાગતું હોય અને શક્ય હોય તો તેને સમજણ આપવી અને શક્ય ન હોય તો મૌન ધારણ કરવું. કર્મની વિવશતા વિચારવી. ઉપેક્ષા રાખવી. એથી પોતાનું બચાવી લેવાય છે. એથી જરી પણ ભૂલ્યા તો તે ભૂલ આપણને સહન કરવી પડે છે.

૧૦૪. દરેકને નિજનિજના અધિકારની પણ મર્યાદા હોય છે. એ મર્યાદાનું ઉલ્લંઘન કરીને અધિકારનો ઉપયોગ કરવો એ પણ અનધિકારચેષ્ટા છે. એથી પરિણામ સારૂં આવતું નથી. સાથે અધિકારવાળી વ્યક્તિએ જ્યારે અધિકારનો ઉપયોગ કરવાનો હોય ત્યારે અવશ્ય કરવો જોઇએ. જો યોગ્ય સમયે અધિકારનો ઉપયોગ કરવામાં ન આવે તો પણ પરિણામ સારૂં આવતું નથી.

ઘણી વખત યોગ્ય વ્યક્તિ કેટલાંક કારણસર પોતાના યોગ્ય અધિકારનો ઉપયોગ કરવામાં વિલંબ કરે છે, ત્યારે ફળ સાથે જેઓને નિસ્બત છે એવી અનાધિકૃત વ્યકિતઓ ઉતાવળી બનીને અધિકાર વગર માથું મારે છે અને પરિણામ બગડી જાય છે. અધિકૃત વ્યકિતને અધિકાર બજાવવા માટે પ્રેરક બનવું પણ અધિકાર વગર અધિકાર બજાવવો તો નહિ. યોગ્ય સમયે અધિકારી યોગ્ય અધિકારનો યોગ્ય ઉપયોગ કરે તો ઘણાં કાર્યો ચિરસ્થાયી અને સુંદર નીપજે.

૧૦૫. કર્મમાંથી ચીકાશ દૂર કરીને તેને સૂકવી નાખવા કે જેથી તેને બળી જતાં વાર ન લાગે. કર્મમાં ચીકાશ કષાયોની હોય છે.

૧૦૬. પૌદ્ગલિક ઇચ્છામાં રાચનાર જીવો બહિરાત્મ દશામાં છે.

અન્તર તરફ દૃષ્ટિ કેળવીને યથોચિત બાહ્ય જીવન જીવે, એ અન્તરાત્મ દશામાં છે.

નિજગુણ પરિપૂર્ણપણે પ્રાપ્ત કરે એ પરમાત્મ દશામાં છે.

૧૦૭. મહાપુરુષ ચાલ્યા ગયા અને તેમની પાછળ તેમનો પરિવાર અનુયાયી વર્ગ વિશાળ મૂકતા ગયા.

મહાપુરુષ ઉપયોગમાં લેતા હતા તે સ્થળ અને વસ્તુઓ પરિવારમાં વહેંચાઈ ગઈ. જેને જેને જે જે વસ્તુ મળી, તેનું તે તે ગૌરવ લેવા લાગ્યા.

પરિવાર કોઈએ ન સાચવ્યો, ન રાખ્યો તેમનો આત્મા. એ સિવાયની તેમની તે તે ચીજો વાપરનારને શોભાવતી ન હતી.

૧૦૮. આત્મા શિકારી છે, પણ તેને કોનો શિકાર કરવાનો છે એ સાચી સમજ લેવાની આવશ્યકતા છે. જંગલમાં તેનો માર્ગ રોકીને ભયાનક જંગલી પશુઓ ઊભા છે, તેનો તેને શિકાર કરવાનો છે. એ પશુઓ ખૂબ જ ચાલાક ને ચપળ છે. જરી પણ સાવધતા ન રાખવામાં આવે તો તે હાથમાંથી છટકી જાય, એટલું જ નહિ પણ પાછળથી એવો હુમલો કરે કે જે શિકારીને ભારે પડી જાય.

શિકાર કરવા જતાં પોતે શિકારનો ભોગ બની જાય. ઘણી વખત તો જેનો શિકાર કરવાનો નથી હોતો તેનો પણ શિકાર થઈ જાય છે, એટલે શિકાર

કોનો કરવાનો છે, કેવી રીતે કરવાનો છે, વગેરે જ્ઞાન વ્યવસ્થિત મેળવવું જરૂરી છે.

આત્મા–શિકારી	પાપ–શિકાર
ભવ–જંગલ	પ્રમાદ–અસાવધતા
જ્ઞાન, દર્શન, ચારિત્ર–માર્ગ	મોક્ષનગર–સર્વસુખ-સમ્પન્ન
પુણ્ય–માર્ગદર્શક, સહાયક વળાવો.	

૧૦૯. વિષમતાઓ આવી પડી છે, માટે ભોગવે જ છૂટકો એ કાયરતા છે.

વિષમતાઓથી ખિન્ન થયા સિવાય તે દૂર કરવા માટે યોગ્ય માર્ગ અને ઉચિત ઉપાયો લેવા યોગ્ય છે.

૧૧૦. અવિષમ સ્થિતિ સદાકાળ ટકી રહે એવી ઇચ્છાઓ કરવી એ પણ આંતરિક અબળતાનું સૂચક છે.

૧૧૧. નજરબંધીના ખેલો થાય છે, ને તેમાં જેઓની નજર બંધાઈ ગઈ હોય છે તેઓને પોતાને જે જોવું હોય તે સૂઝતું નથી અને બીજા કે જેઓએ એ નજર-બંધ કરી છે, તેઓ જે બતાવે તે જ સૂઝે છે. આવી પરિસ્થિતિ ઘણી વખત વાતાવરણથી પણ સર્જાતી હોય છે. જેવું વાતાવરણ ચાલતું હોય છે, તેમાં ઘણાની દૃષ્ટિ દોરવાઈ જાય છે અને એ પ્રમાણે દેખાયા કરે છે.

વાતાવરણ શાંત થયા બાદ દૃષ્ટિ જૂદી હોય છે. એમાંથી બચનારા વિરલા હોય છે.

૧૧૨. બીજાને હિતનો માર્ગ ઉપદેશવો હોય તો પ્રથમ પોતાના આત્માને સ્વાર્થમુક્ત કરવાની ખાસ જરૂર

છે. નિજશ્રેયઃ સાધવાનો સ્વાર્થ એ સ્વાર્થિપણું નથી. બાકી જો સ્વાથની વૃત્તિ હૃદયમાં હશે તો અન્યને હિતમાર્ગ યથાર્થ બતાવી શકાશે નહિ. આ છે નિર્મળ સત્યની વાત; બાકી મિશ્ર માર્ગ તો ચાલે જ છે. એમાં થોડા ટકાની જ સ્વાર્થતા હોય અને વધુ ટકા પર-હિતના હોય એ પણ ચલાવી લેવાય છે અને એ ચલાવી લેવામાં કાંઈ બાધ નથી. જો ન ચલાવી લેવાય તો માર્ગ જ ન રહે, બાકી દૃષ્ટિ જેટલું સ્વાર્થમુક્ત થવાય એ તરફ રાખવી જરૂરી છે.

૩. મનુષ્યોની પ્રવૃત્તિઓ મોટે ભાગે પોતાનું કાંઈક સાધવા માટે હોય છે. દરેક સાધ્ય જૂદા જૂદા પ્રકારનું હોય છે. એ સાધ્ય સિદ્ધ કરવાના ઉપાયો પણ ભિન્ન ભિન્ન હોય છે. તેમાં એકબીજાના વિરોધી સાધ્યો અને તેના વિરુદ્ધ ઉપાયો સાથે થઇ જાય છે, ત્યારે માનવ-માનવ વચ્ચે વિરોધ જાગે છે અને વૈરપરંપરા વધે છે. એથી છૂટવાનો ઉપાય એ છે કે સાધ્ય એવું રાખવું કે જેમાં અન્યનો વિરોધ આવે એવું કોઇ તત્ત્વ ન હોય અને એ સાધ્ય સ્વયંસિદ્ધ કરી શકાય. એવું સાધ્ય કોઈ હોય તો તે છે પોતાના આત્માનું વિશુદ્ધ કલ્યાણ.

એ સાધ્ય સિદ્ધ કરવાની જેટલી તમન્ના એટલી વિશિષ્ટતા આપોઆપ મળી આવે છે. એ સિવાયના અન્ય સર્વ સાધ્યોમાં ઓછેવત્તે અંશે વિરોધ રહ્યો જ છે.

૧૧૪. પોતે પોતાને જે જાતનો સમજતો હોય છે, તેમાં સંપૂર્ણ સત્ય હોતું નથી.

બીજા તેને તે જાતનો માનતા હોય છે, તે પણ પરિપૂર્ણ નથી. સત્ય એ બેની મધ્યમાં છૂપાએલ છે, જે વિશિષ્ટ જ્ઞાનીઓ જાણી શકે છે.

૧૧૫. કોઇપણ જવાબદારી એવી રીતે અદા કરવી જોઇએ કે જેમાં જવાબદારોને પોતાની જવાબદારી અદા કરવાની તક રહે. જ્યારે બીજા જવાબદારોને પોતાની જવાબદારી અદા કરવાની તક મળતી નથી, ત્યારે એક ઉપર બોજો, બીજામાં ઉપેક્ષા અને તેમાંથી જન્મે છે વિષમતા. માટે જેના પર જે જવાબદારી હોય તે અદા કરવાની તેને તક આપવી.

૧૧૬. મર્યાદા એ અગત્યની છે. એનું ઉલ્લંઘન કરવાથી હિતસાધનથી વંચિત રહેવાય છે, એટલું જ નહિ પણ અહિત થાય છે. જ્યારે મર્યાદાનાં પરિપાલનથી અહિત અટકે છે અને હિત સધાય છે.

૧૧૭. કાળપ્રભાવે, ઉતરતા કાળના પ્રભાવે સારી સારી વસ્તુઓ અદૃશ્ય બને છે. તેમાં ઉત્તમ વિચારો, વિશાળ ભાવનાઓ આવી જાય છે. એ ઉત્તમ વિચારો અદૃશ્ય થાય છે, એટલે અધમ વિચારો દેખા દે છે. અધમ વિચારો ઉત્તમ પદાર્થોને દૂર કરે છે.

પોતાની પાસે અમુક ચીજ હોય તો સારું, પણ તે બીજાની પાસે હોય તે સારું નહિ. આવા તુચ્છ

વિચારો પોતાના સિવાય અન્ય પાસે રહેલી સારી ચીજને દૂર કરવા શકય એટલા યત્નો કરે છે. એ યત્નોમાં માનસિક વિચાર પણ ગણાય છે. માનસિક વિચાર પણ પરિણામ લાવે છે. એ પરિણામ જોવાની અને તે પણ પરિણામના સબળ હેતુપૂર્વક જોવાની દષ્ટિ ઘણામાં હોતી નથી. એક દષ્ટિ ખીલે તો કેટલીક નજીવી ભૂલો સહેજે સુધરી જાય.

૧૧૮. તમારો અનુયાયી વર્ગ તમારા કરતાં નબળો હશે તો તમને જગત્ બહુ યાદ કરશે. તમારી ખોટ જગતને સાલશે. તમારાં કેટલાક કાર્યો જગતમાં ખૂબ જ પ્રસિદ્ધિ પામશે. અશકય અને દુ:શકય ગણાતાં કાર્યો તમે જ કરી શકો એમ કહેવાશે, પણ તમારી પાછળનો વર્ગ તમારા જેવો, તમારાથી ચડિયાતો હશે તો કદાચ તમારી યાદ લોકોને સાલશે નહિ પણ એવા તમારા અનુયાયી વર્ગથી તમારું ગૌરવ કોઈ જૂદા પ્રકારનું જ ગણાશે. પ્રથમના કરતાં આ બીજા પ્રકારનું ગૌરવ કેઈગણું કિંમતી છે.

૧૧૯. ક્રિયા, આચરણ એવા હોવા જોઈએ કે મૃત્યુ પણ ઘડી ભર થંભી જાય.

મૃત્યુને વિચાર આવે કે ' આ હું કોના ઉપર હાથ અજમાવું છું ? એને પણ શરમાવું પડે.

આત્માને મૃત્યુનો ભય ન હોય, ભય તો મૃત્યુને એવા આત્માનો હોય.

એવી રીતે ન મરો કે પાછળથી જગતને કહેવું પડે કે સારૂં થયું, બિચારો છૂટ્યો. અને જગત્ એમ પણ ન બોલે કે મર્યો તે સારૂં થયું, હવે લોકોને શાંતિ રહેશે.

તમારાં મરણ બાદ પાછળનું જગત્ તમારી સારી યાદ ભૂલે નહિ. તમારી ખોટ એમને સાલે, એમાં તમારું મરણ પણ અમર બની જશે. બીજા શબ્દોમાં કહીએ તો મૃત્યુ મરી જશે.

૧૨૦. અંધકારની ઠંડક કરતાં પ્રકાશની ગરમી વિશેષ કિંમતી છે.

૧૨૧. અન્યની ભૂલ જોવામાં રસ આવે છે, પણ પોતાની ભૂલ જોવામાં રસ આવતો નથી. એ મોટે ભાગે બરાબર હોવા છતાં ભૂલ જોવામાં જે કળા જોઈએ, જે ચોકસાઈ જોઇએ એ મોટે ભાગે નથી એ પણ એટલું જ સત્ય છે. પરની પણ જોવા જેવી ભૂલ જોઈ શકાતી નથી અને નજીવી ભૂલ જોવાય છે. ભૂલ જોતાં જો બરાબર આવડી જાય તો પછી તેમાં સ્વપરના ભેદનું મહત્ત્વ કાંઈ નથી, અને એ લાભદાયક છે, હિતકર છે અને આવશ્યક છે. બરાબર ભૂલ જોતાં શીખો. ગમે તેની ભૂલ જુઓ પણ તે બરાબર જુઓ, ગમે તેમ નહિ.

૧૨૨. ભોગમાં રાગ છૂપાયો છે ને ત્યાગમાં વૈરાગ્ય છે. રાગ વગર વૈરાગ્ય વ્યવસ્થિત આવતો નથી એમ

કેટલાક માને છે અને મનાવે છે. રાગને દૂર કરવો એનું નામ વૈરાગ્ય, એટલે રાગ પ્રથમ કેવો છે તેનો પરિચય મળે પછી તેને દૂર કરવો સહેલો થાય, એ રીતે વૈરાગ્યને ઉત્પન્ન કરવા માટે પ્રથમ રાગની ભૂમિકા અનુભવવી જોઇએ.

પણ આ મન્તવ્ય આપાતરમણીય છે.

રાગનો અનાદિસિદ્ધ પરિચય છે જ, એનાં સેવનથી એ વૃદ્ધિ પામે છે. અતિ સેવનથી કંટાળો ઉપજાવે, રોગાદિનું નિમિત્ત બને અને એ રીતે જે વૈરાગ્ય આવે એ કેવો હોય એ સમજી શકાય એવું છે.

બાકી સાચો વૈરાગ્ય તત્ત્વજ્ઞાનની ભૂમિકા ઉપર ટકે છે.

એ ભૂમિકા મોહનીય કર્મનો ઘટાડો થવાથી આવે છે. ભોગથી અનુભવ મળે છે, એ પ્રમાણે રાગમાં વૃદ્ધિ પણ થતી જાય છે. પરિણામે રાગ ઘટવાને બદલે રાગ વધી જવાથી ભોગ મળતા નથી, મળેલા ભોગથી સંતોષ થતો નથી, અને વાસના અતૃપ્ત રહે છે.

એથી મુક્તિ મેળવવા ઇચ્છનારે વૈરાગ્ય મેળવવો. વૈરાગ્ય ગમે તેમ મેળવો એ સાથે અમને વિરોધ નથી, અમારે તો એટલું જ જોઈએ કે એ વૈરાગ્ય સાચો હોય.

૧૨૩. વૃત્તિનું વારણ ને વાળણ એ બેમાં ઘણું અન્તર છે. વારણ–નિવારણ કરવામાં બળ વાપરવું પડે છે; અને તેના પ્રત્યાઘાતો પડે છે. જ્યારે વાળણ એટલે સારે માર્ગે વાળી લેવામાં બહુ બળની જરૂર હોતી નથી, પણ આવડતની આવશ્યકતા રહે છે. વાળણ કરતાં આવડે તો પરિણામ સારૂં આવે છે અને પ્રત્યાઘાત આવતા નથી.

છતાં કેટલીક વૃત્તિઓ એવી હોય છે કે એનું વાળણ ઘણી વખત સૂઝતું હોતું નથી. એનું વાળણ કરવું અનિવાર્ય હોય છે, એવી વૃત્તિઓનું વાળણ યોજી શકાય તો વિશેષ ઈષ્ટ છે. પણ એ ન યોજી શકાય તો વારણ કરવું એ પણ ઈષ્ટ છે.

૧૨૪. અગ્નિના એક તણખાને કહેવું નથી પડતું કે તું કચરાને બાળ. એમ ધર્મના અંશને પણ કહેવું નથી પડતું કે તું પાપને પ્રજાળ. પાપનો પુંજ એમને એમ રહેતો હોય તો સમજવું જોઈએ કે ધર્મનો સત્ય અંશ હજુ સાંપડયો નથી. બનાવટી ધર્મ કરવો અને પરિણામ તપાસ્યા કરવું એ નરી મૂઢતા છે. સત્ય ધર્મ મેળવવા પ્રયત્નશીલ રહેવું. જ્યાં સુધી જે ધર્મ આચરતા હોઈએ એ છોડવો નહિ. એ જેવા તેવા ધર્મનું આચરણ જ એક વખત સત્ય ધર્મની પ્રાપ્તિ કરાવશે. એ છૂટી જશે તો ધર્મ જ દૂર ચાલ્યો જશે. પછી સત્ય કે અસત્ય

એકેની આશા નહિ રહે. પણ સત્ય ધર્મ મળે છતાં ખોટાને પકડી રાખવો એ તો મહામૂઢતા છે. એ મહામૂઢતા તો દૂર કરવી જ જોઇએ. કદાચ સત્ય ધર્મ સમજાયા છતાં એનું આચરણ દુષ્કર લાગે, એ ન પણ આચરી શકાય, પણ તેથી ખોટાને સાચો માનીને સત્ય તરફ પક્ષપાત ન આવે એવું તો ન જ બનવું જોઈએ. સત્ય પ્રત્યે પક્ષપાત તો જાગવો જોઇએ. એ જાગેલા પક્ષપાતથી સામર્થ્ય સાંપડશે, ખોટું છૂટી જશે અને સત્ય પોતાનું થશે.

૧૨૫. કેટલાક ગુણો નાના હોવા છતાં અગત્યના છે. એવા નાના ગુણોના લાભનો વિચાર કરીને મનને વ્યર્થ ડોળવું નહિ. એ નાના અને નજીવા ગુણો ન હોય તો જીવનમાં નુકશાન મોટું થાય. એ નુકશાનથી બચાવનાર તરીકે એ ગુણની મહત્તા છે.

એટલા નાના નાના ગુણો પણ પૂરા પ્રયત્ને જાળવી રાખવા.

૧૨૬. સારા આચરણનું સાક્ષાત્ ફળ એ છે કે આજે તમે જે વિશિષ્ટ સ્થિતિમાં છો તેમાં ટકી રહ્યા છો. જો તમારામાં સારૂં આચરણ નહિ હોય તો અધઃપતન પામશો. સ્થિરપણે આ વિચાર કરવાથી સદાચરણનું સદ્યઃફલદાયિપણું સમજાતા વિલંબ નહિ થાય.

૧૨૭. કોઈપણ કાર્ય કરવું હોય ત્યારે તે કાર્યનાં કારણોનો પૂરતો વિચાર કરવો. સકલ કારણો મેળવીને કાર્ય

કરવાથી કાર્ય તુરત થાય છે. કારણની ઓછાશ હોય તો કાર્ય ઓછું થાય છે અથવા નથી થતું. કેટલાંક કાર્યો એવા હોય છે કે તેમાં એકાદ કારણ ઓછું હોય તે પણ ન ચાલે. બધાએ કારણો જોઇએ. આ સ્થિતિ છે, વાસ્તવિક સ્થિતિ છે. આ હકીકત ખ્યાલ ઉપરથી ઉતરી જાય છે ત્યારે જીવ કરેલા પ્રયત્નોને નિંદે છે, પ્રયત્નો છોડી દે છે, બીજાની પાસે છોડાવે છે. પણ તેથી શું ? જ્યારે તેને ફરી એ કાર્યની ઇચ્છા જાગશે ત્યારે તેને ફરીથી એ કરવું પડશે. એટલે જો કાર્યની ઇચ્છા ખરેખર હોય તો મળેલી કારણસામગ્રીમાં ક્યાં ઓછાશ છે, શું ફેરફાર કરવાની જરૂર છે ? તેનો વિચાર કરીને તેમાં આગળ વધવું. એથી કાર્ય સિદ્ધ થાય છે. એવી કાર્યસિદ્ધિ અન્યને પણ પ્રેરક બને છે. બાકી તો ચક્ર ચાલ્યા કરે છે.

અધુરા પ્રયત્નો છોડનારનો વિશ્વમાં તોટો નથી. વિરલા તો પૂરા પ્રયત્નો કરીને પરિણામ પોતાને પક્ષે લાવનારા છે.

૧૨૮. સળગતું રાખીને શાંત કરવાના પ્રયત્નો સફળતાને ન પામે એ સ્વાભાવિક છે. આ સ્થિતિમાં એટલો વિચાર કરવો આવશ્યક છે કે કરવામાં આવતા પ્રયત્નો બરાબર નથી, એમ નથી. કારણ આ પ્રયત્નોની સામેના વિરોધી તત્ત્વો જો વિશેષ બળવાન હોય તો

પરિણામ વિપરીત પણ આવે. એટલે ચાલુ પ્રયત્નોને નિર્બળ–અસફળ–નકામા માનીને છોડી દેવાનો કાંઈ અર્થ નથી. વિપરીત તત્ત્વોને દૂર કરીને જો આજ પ્રયત્નો થોડે અંશે આચરવામાં આવે તો તેનું પરિણામ તુરત જ જણાય. આ વાત માત્ર નથી, એ રીતે શતશ: બન્યું છે. તે તરફ લક્ષ્ય રાખીને પ્રયત્નોને, સારા પ્રયત્નોને સફળ બનાવવા.

૧૨૯. અલ્પ શક્તિવાળા આત્માઓએ પોતાની સ્થિતિનો સતત વિચાર કરવો જરૂરી છે. તે જો પોતાની શક્તિનો વિચાર કરીને પ્રવૃત્તિ કરે તો તેને લાભ કે નુકશાન તે સહન કરી શકે એવા મળે. બાકી જો તે પોતાની શક્તિનો વિચાર કર્યા વગર વિશેષ શક્તિવાળાનું અનુકરણ કરીને પ્રવૃત્તિ કરે તો એવા લાભ કે નુકશાન થાય કે જે પચાવવા તેને ભારે પડી જાય. શક્તિ અનુસાર ધીરે ધીરે આગળ વધતાં જરૂર તે પણ એક વખત મહાન બની શકે છે.

૧૩૦. તારો ચમકે છે, પણ તે સૂર્ય જેવું તેજ પાથરી શકતો નથી, એટલે તારો એ તારો છે ને સૂર્ય એ સૂર્ય છે. સૂર્યના પ્રકાશ પાસે તારાએ પોતાનું વ્યક્તિત્વ બતાવવા પ્રયત્ન કરવો એ વિફલ છે. કેવળજ્ઞાની અને છદ્મસ્થ એ બન્નેમાં સૂર્ય અને તારા જેટલું અંતર છે. છદ્મસ્થ ગમે તેટલો આગળ વધે એમાં કાંઈ બાધ નથી, પણ કેવળજ્ઞાનીની

સ્પર્ધા તો ન જ કરી શકે. છદ્મસ્થનો પ્રકાશ એક દેશીય હોય છે, જ્યારે સર્વજ્ઞનો પ્રકાશ સર્વદેશીય હોય છે. સર્વજ્ઞના પ્રકાશ સમક્ષ પણ જ્યારે કોઈ છદ્મસ્થ પોતાનો પ્રકાશ બતાવવા પ્રયત્ન કરે છે ત્યારે તે પ્રયત્ન કેટલો વાહિયાત છે એ સમજુને સમજાયા વગર રહેતું નથી.

૧૩૧. એકની એક વસ્તુ જૂદા જૂદા દૃષ્ટિકોણથી જોવામાં આવે છે ત્યારે જૂદી જૂદી ભાસે છે. વસ્તુ એની એ હોવા છતાં જૂદા જૂદા કાર્ય પરત્વે તેનો ઉપયોગ જૂદો જૂદો થાય છે. એ ઉપયોગ અનુરૂપ હોય છે અને પ્રતિરૂપ પણ હોય છે. એક જ વ્યક્તિ એ રીતે અનુરૂપ અને પ્રતિરૂપ બને છે. કોઇ વ્યક્તિ-વિશેષ અમુકને માટે પ્રતિરૂપ હોવા માત્રથી સર્વને માટે પ્રતિરૂપ બનતી નથી, તેમજ અમુકને માટે અનુરૂપ હોવા માત્રથી સર્વને માટે અનુરૂપ બની જતી નથી. પ્રતિરૂપ જણાતી વ્યક્તિ કયા કયાને માટે અને કેવી રીતે અનુરૂપ છે એ જાણવાથી તેને સહજમાં વશ કરી શકાય છે અને એ ન આવડે તો અનુરૂપ વ્યકિત પણ સહજમાં પ્રતિરૂપ થઇ જાય છે.

૧૩૨. મિથ્યાદૃષ્ટિ જીવ દુઃખી હોય ત્યારે તે શાંતિથી દુઃખ સહન કરતો નથી, પણ દુઃખ દૂર કરવા માટે પારાવાર ન કરવાના પ્રયત્નો કરતો હોય છે. પણ તેનો ગાઢ કર્મનો એમ અંત આવતો નથી, અને

નવાં કર્મો વધે જ જાય છે. આમ એથી તેને પોતાને ગેરલાભ થાય છે. બાકી કોઈ અતિપાપી આત્માને બાદ કરતાં અન્યને તેની સ્થિતિ જોઈને પાપ પ્રત્યે ખરેખર નફરત જાગે છે. જગતમાં પાપનાં પ્રગાઢ પરિણામોનાં ઉદાહરણ રૂપે આવા ગાઢ મિથ્યાત્વના ઉદયવાળા જીવો છે.

૧૩૩. સમકિતી જીવ દુઃખી હોય તો કેટલીક વખત તેને ધર્મ કરતો જોઈને કેટલાકને એમ થાય કે આ આવો ધર્મી જીવ દુઃખી કેમ ? એથી કેટલાક ભારે કર્મીને ધર્મ તરફ અશ્રદ્ધા થાય છે. તેઓ બીજાને અધર્મ પ્રત્યે ખેંચે છે ને ધર્મ તરફ રુચિ ઓછી કરાવે છે. આમ છતાં સમકિતી જીવ પોતે પોતાના કર્મનો ઉદય એટલી શાંતિથી ભોગવતો હોય છે કે તેને તો કર્મની નિર્જરા જ થાય છે. એટલું જ નહિ પણ સમજુ આત્માઓને પણ એથી ધર્મપ્રાપ્તિ થાય છે.

૧૩૪. સંસારમાં એવું એક પણ સ્થળ નથી કે જ્યાં આ જીવ લાંબા કાળ સુધી એક સરખો ટકી શકે. આ સ્થિતિ પ્રત્યક્ષસિદ્ધ છે. એટલે જ વિશિષ્ટ જ્ઞાનીઓને, જ્યારે કોઈ જીવ સંસારમાં સુખની વ્યવસ્થા માટે કાંઈપણ પ્રબલ પ્રયત્નો કરતો જોવામાં આવે છે, ત્યારે હસવું આવે છે.

જેમ રેતીના ઢગલામાં બાળકોને રમ્ય રમતો જોઈને વડીલોને આવે તેમ.

૧૩૫. મિથ્યાદૃષ્ટિ જીવો જ્યારે સુખી હોય છે ત્યારે બમણો અનર્થ થાય છે. એક તો એ સુખ ભોગવીને પોતાનું પુણ્ય ખલાસ કરતો હોય છે અને નવું પાપ બાંધતો હોય છે. બીજું તેને જોઈને પણ પાપ પ્રત્યે અનુરાગ જાગે છે, અરુચિ તો જન્મતી નથી. એટલે મિથ્યાદૃષ્ટિ, આત્મસુખે સુખી હોય, થાય, એવી અભિલાષા કરણીય છે, નહિ કે અન્ય પ્રકારે.

૧૩૬. ૧. સ્વનિંદા–પરપ્રશંસા
૨. પરનિંદા–સ્વપ્રશંસા
૩. સ્વનિંદા–સ્વપ્રશંસા
૪. પરનિંદા–પરપ્રશંસા

આમ નિંદા અને પ્રશંસાના ચાર ભાગ પડે છે. તેમાં પ્રથમ પ્રકારમાં વિરલ જન હોય છે. જ્યારે બીજા પ્રકારમાં જગત આખું છે, એમ કહીએ તો તે અતિશયોકિત જેવું નથી. ત્રીજા પ્રકાર અને ચોથા પ્રકારમાં પણ થોડા ઘણા માણસો મળી આવે છે.

૧૩૭. ગમે તેની નિંદા કરવામાં આવે પણ તેમાં દુર્ગુણો સાથે સમાગમ કરવો પડે છે. જ્યારે પ્રશંસા ગમે તેની કરવામાં આવે તેમાં ગુણોનો સમાગમ થાય છે.

૧૩૮. સુખના દિવસોમાં દુઃખની યાદ મધુર લાગે છે અને દુઃખના દિવસોમાં સુખની યાદ કડવી લાગે છે.

૧૩૯. ઈચ્છા એ કાંટો છે. એ એવો કાંટો છે કે તે પૂર્ણ થયા બાદ વિશેષ તીક્ષ્ણ બને છે અને વધારે ખૂંચે છે. યુક્તિપૂર્વક એને બૂઠ્ઠો કરી નાખવામાં આવે તો જ ખૂંચતો નથી. એ કાંટાને બૂઠ્ઠો કેમ કરવો એ યુક્તિ ખાસ શીખવા જેવી છે. બાકી તેને તીક્ષ્ણ બનાવવાની ટેવ તો ચાલુ જ છે.

૧૪૦. જુનું એટલું સોનું, આમ કહેવાય છે. તેની પાછળ રહસ્ય છે. સોનું ચિરકાળ ટકે છે. એક વસ્તુ જૂની ત્યારે જ થાય છે તે લાંબા કાળ સુધી ટકી હોય છે. ક્ષણજીવી નિર્જીવ વસ્તુ કથિર ગણાય છે. એટલે જે વસ્તુ જૂની થઈ છે તે વસ્તુ, તે પ્રકારની વસ્તુઓમાં સોના જેવી છે એમ અવશ્ય માનવું.

૧૪૧. તમારી કોઇપણ કળાની વાસ્તવિક કિંમત શું છે? એ જાણવું હોય તો તેને કસોટીમાં મૂકવી. તે કસોટીમાંથી કઈ રીતે પસાર થાય છે તેના પર તેની કિંમતનો આધાર છે.

૧૪૨. માણસને મૃત્યુ ભયંકર લાગે છે, તેમાં મુખ્ય કારણ એ પણ છે કે તે અહિંનું જે છે તેને ઝુંટવી લેતું પ્રત્યક્ષ જણાય છે. પછીથી શું મળવાનું છે? તેનું જ્ઞાન કોઇ રીતે મળતું નથી. જો એ જ્ઞાન મળી જાય તો મૃત્યુ લાગે છે એટલું ભયંકર ન લાગે. કેટલાકને તો એ આશીર્વાદ સમાન પણ લાગે.

૧૪૩. પોતાની નિંદા સાંભળીને નિંદા કરનાર પ્રત્યે હૃદયમાં પણ નાખુશ નહિં થનારા જગતમાં જડી

આવશે, પણ પોતાની પ્રશંસા સાંભળીને મનમાં ખુશ નહિ થનારા જડવા મુશ્કેલ છે.

૧૪૪. નિજપ્રશંસા અને પરનિંદા એ બેમાં જગતને બીજીનો વળગાડ વધારે છે. એ વળગાડ છોડાવવા માટે કદાચ પહેલીનો સમાગમ રાખવો પડે તો કાંઈ ખોટું નથી.

૧૪૫. તમારી શક્તિની અલ્પતા હોય કે અન્ય કોઈ વિચિત્ર સંયોગો હોય તેથી તમે કોઈ કરવા યોગ્ય કાર્ય કરી શકતા ન હો ત્યારે કોઈ તમને તે કરવા યોગ્ય કાર્ય કરવા માટે કહે, વારંવાર કહે, એ વખતે તમે એમ કદી ન વિચારતા કે હવે આ કાર્યમાં કરવા જેવું શું છે? એમ ન કહેતા કે આ કાર્ય કરણીય નથી માટે નથી કરતો. કરણીયને અકરણીય માનવામાં કે કહેવામાં મોટો ગેરલાભ થાય છે, એમ નક્કી માનજો.

૧૪૬. છતી શક્તિએ કરવા યોગ્ય ન કરવું એ મહાદોષ છે. જો કે એક સાથે બે કાર્ય એકજણ કરી શકતો નથી. એક વખતે એક કાર્ય ચાલતું હોય છે. એક કાર્ય ચાલતું હોય ત્યારે બીજું કાર્ય ન કરી શકાય એ પણ સમજી શકાય છે. અમુક સ્થિતિમાં એ કાર્ય કર્યા પછી થાક ઉતારવા માટે વિશ્રાંતિ લેવી પણ જરૂરી હોય છે. યોગ્ય વિશ્રામ લીધા પછી કરણીય કરવામાં વેગ અને સ્થિતિ વધે છે. આ સર્વ છતાં ઘણી વખત ઘણા માણસો અનેક પ્રકારના

પ્રમાદવશ બનીને કરણીય કરતાં નથી. કરણીય ન કરવું એ મહાદોષ છે. વ્યવહારમાં જોઇએ તો જણાશે કે કરણીય ન કરવામાં આવે તો કેટલાય વ્યવહારો અટકી પડે, ચૂંથાઈ જાય. માટે કરણીય કરવામાં પ્રમાદને દૂર કરવો.

૧૪૭. જીવનમાં અમુક અસરો દ્રવ્યજનિત હોય છે, અમુક અસરો ક્ષેત્રજનિત હોય છે, અમુક અસરો કાળજનિત હોય છે, અમુક અસરો ભાવજનિત હોય છે, અમુક અસરો સાંયોગિક હોય છે. આ સર્વ અસરોનું પૃથક્કરણ યથાશક્ય કરવું આવશ્યક છે. અનુરૂપ અસરો રાખવી હોય, વધારવી હોય તો તે અસરો જેથી જન્મી હોય તેની રક્ષા અને વૃદ્ધિ આવશ્યક છે. અને અનુરૂપ અસરો દૂર કરવી હોય, ઓછી કરવી હોય તો તે અસરો જેથી જન્મતી હોય તેને દૂર કરવાની અથવા ઓછા કરવાની આવશ્યકતા છે. જો એમ ન કરવામાં આવે કે એમ ન થાય તો અસરોમાં ફેરફાર પણ ન થાય, એ સ્વાભાવિક છે. પછીથી અસરોમાં ફેર કેમ નથી પડતો એ પ્રમાણે વિફલ વિચાર કરવાથી શું ? કારણાધીન કાર્ય છે.

૧૪૮. ઘણી વખત ઘણા માણસો ઉતાવળા થઈ જાય છે. થોડી પણ ધીરજ ધારણ કરી શકતા નથી. ઉતાવળનું પરિણામ મોટે ભાગે વિપરીત આવતું હોય છે.

અકસ્માત્ કોઈક વખત ઉતાવળ કરવાથી લાભ થઈ ગયો હોય તો તે લાભને લાભ ગણાવવો એ વ્યાજબી નથી. ઉતાવળ ન કરી હોત તો લાભ ન મળત, ઉતાવળ કરી તેથી લાભ મળ્યો, એ મૂઢતા છે. પરિણામે એ લાભ તો જાય છે અને ઉતાવળથી આવતા ગેરલાભો ગણ્યા ગણાય નહિ એટલા આવી મળે છે.

૧૪૯. અંદરનો ભય જેણે દૂર કર્યો છે તેને કોઈનો પણ ભય નથી. જ્યારે કોઇએ પરિચય સાધીને ભયજનક વસ્તુઓનો ભય દૂર કર્યો હોય તેથી તે નિર્ભય છે એમ માની લેવું નહિ. એવા નિર્ભયને પણ જેથી એ પરિચિત નથી તેનો ભય તો હોય જ છે. એટલે નિર્ભય થવું, ખરેખરા ભયરહિત બનવું હોય તો અંદરના ભયને દૂર કરવો જોઇએ.

૧૫૦. જીવન જીવવાની રીત ઉપરથી જાણી શકાય છે કે આ જીવ કઈ ગતિમાંથી આવ્યો છે અને તે કઇ ગતિમાં જવાનો છે. પણ જેને માટે એ વિચારવાનું હોય તેનું સૂક્ષ્મ અને ગંભીર નિરીક્ષણ કરવું આવશ્યક છે. ઉપર ઉપરનાં નિરીક્ષણથી જો અભિપ્રાય બાંધવામાં આવે તો અન્યથા થવાની પૂરી સંભાવના છે. સંયોગવશ સેવાતાં આચરણ અને હોંશથી સેવાતાં આચરણમાં ઘણું અંતર છે.

૧૫૧. ચીડ એ સારી ચીજ નથી. તેજ એ સારી ચીજ

છે. તેજસ્વી બનવું એટલે તમને નહિ ગમતી વસ્તુ તમારી પાસે આવશે નહિ અને તમને નડશે નહિ, પણ ચીડીયલ બનવું નહિ. એથી ગમતી અને નહિ ગમતી બંને ચીજોથી વંચિત રહેવાય છે.

૧૫૨. નિયમથી નિયંત્રણ આવે છે અને એથી વ્યવસ્થા આવે છે. વ્યવસ્થા આવે એવા નિયમો આવકાર્ય છે, પણ જો વ્યવસ્થા ન આવે અને કેવળ નિયંત્રણ રહે એવા નિયમોના પ્રત્યાઘાતો પડે તો તેથી થોડી ઘણી રહી સહી વ્યવસ્થા પણ વિલય પામે છે.

નિયમો મોટે ભાગે વ્યવસ્થાપ્રેરક હોવાને કારણે સત્પુરુષો નિયમો માટે પ્રેરણા કરે છે.

૧૫૩. પાણીનો પરપોટો પણ કાંઈ સમજણ આપી જાય છે, લેતાં આવડે તો. નહિ તો મોટા મોટા વિદ્યાલયો પણ કાંઇ સમજણ આપી શકતા નથી

૧૫૪. મેં આ કર્યું છે માટે બરાબર છે, એમ માનવાનો આગ્રહવાળા કાર્ય બરાબર કેમ થાય, તે કદી પણ શીખી શકતા નથી.

૧૫૫. નવરા માણસને સમય કેમ કાઢવો તેની વિચારણા ચાલે છે, જ્યારે કામવાળા માણસોને સમય ક્યાંથી કાઢવો? તેની વિચારણા ચાલતી હોય છે.

૧૫૬. દોષ દબાએલ હોય અને ન નડતા હોય એથી દોષ દૂર થઇ ગયા છે એમ માનવું નહિ. જો એવું માની લેવાય તો તે મહામૂર્ખતા છે એમ સમજવું. દોષો,

દબાએલા દોષો જ્યારે ઉછળે છે, ત્યારે કોઈનું કાંઇ કરી નાખે છે, માટે દોષોને તો નિર્મૂળ કરવા જ પ્રયત્ન કરવો.

૧૫૭. દરેક ગુણ તેની સામેના એક એક દોષને દૂર કરે છે. જેમ જેમ ગુણની વૃદ્ધિ તેમ તેમ દોષની હાનિ થાય છે અને જેમ જેમ ગુણની હાનિ થાય છે, તેમ તેમ દોષની વૃદ્ધિ થાય છે.

૧૫૮. જેટલો વિચાર સ્વાર્થ સાધવા માટે કરવામાં આવે છે તેના સોમા ભાગનો વિચાર, જો સ્વાર્થ સાધવામાં આવતા અપાય અંગે કરવામાં આવે તો ખૂબ જ શ્રેયઃ સાંપડે.

૧૫૯. તમારે જો હાસ્યાસ્પદ ન બનવું હોય તો તમે બીજાને હાસ્યાસ્પદ બનાવવાનું છોડી દ્યો.

૧૬૦. તમે કોઈને હસતા હો ત્યારે તમને કોઇ હસી રહ્યું છે, એમ જરૂર માનજો.

૧૬૧ ક્ષુદ્ર જંતુઓ પણ ક્યારેક પોતાનું વ્યક્તિત્વ દર્શાવવા જીવ ઉપર આવી જાય છે.

૧૬૨. દીવો કાજળ કાઢે છે, એ અંધારૂં ઓકે છે.

૧૬૩. ડાહ્યા માણસો મૂર્ખ માણસોની મૂર્ખતા ઉપર હસે છે, ત્યારે મૂર્ખ માણસો ડાહ્યા માણસોનાં ડહાપણ ઉપર હસે છે.

૧૬૪. કોઇપણ કાર્ય કર્યા પછી તેની પરીક્ષા તેના જાણકાર પાસે કરાવવી. અને જાણકાર એ સંબંધીમાં જે જે

સૂચના આપે તેના પ્રત્યે લક્ષ્ય આપવું. ભૂલ સુધારવા પ્રયત્ન કરવો પણ ઉપેક્ષા કરવી નહિ, એ કાર્યકુશળ બનાવવાનો સચોટ ને સુંદર ઉપાય છે.

૧૬૫. પોતાની સારી બાજુ તપાસવાની જે ટેવ છે તે સારી બાજુએ ખરેખરી હોય તો ટેવ સારી છે, બાકી સારી બાજુ ન હોય ને જોયા કરીએ તો કાંઈ લાભ નથી. બીજી બાજુ પોતાની ખરી, ખરાબ બાજુ પણ તપાસવો જોઇએ. જો એ જોવામાં નહિ આવે અને તમે એમ જ માનતા હશો કે મારામાં કાંઇ ખરાબ છે જ નહિ તો એથી અન્યને અલ્પ, પણ તમને તો ભયંકર નુકશાન છે.

૧૬૬. યોગ્ય પદાર્થ યોગ્ય રીતે યોગ્ય પાસે આવે છે તો તેની યોગ્યતા જળવાઈ રહે છે અને તેનો લાભ સારો થાય છે. જ્યારે તેમાંથી એક પણ નંદવાઈ જાય છે તો પરિણામમાં ફેર પડી જાય છે.

૧૬૭. પ્રલોભનથી કે બળથી બીજા પાસે કાર્ય કરાવી શકાય છે, પણ કાર્યમાં પ્રાણ પૂરાવી શકાતા નથી. કાર્યમાં પ્રાણ પૂરાવનાર કોઈ હોય તો કાર્ય પ્રત્યેનો પ્રેમ છે. પોતાનાથી શકય કાર્ય જ્યારે પ્રીતિપૂર્વક થતું હતું–હોય છે ત્યારે પ્રાણવાન્ બને છે, અને જ્યારે તે કાર્ય પરાણે કરવામાં કે કરાવવામાં આવતું હોય છે ત્યારે તેમાં ભલીવાર હોતી નથી.

૧૬૮. ભૂલા પડેલા માર્ગમાં માર્ગ દેખાડનાર માર્ગ બરાબર

દેખાડે છે કે નહિ એ જોવો, પણ એ કોણ છે, કેવો છે, તે તરફ વધુ પડતી દૃષ્ટિ ન રાખો.

૧૬૯. કોઇપણ પ્રયત્ન કરતાં પૂર્વે યથાશક્ય એટલો વિચાર કરવો આવશ્યક છે કે જેથી પ્રયત્ન કર્યા પછી એવો વિચાર ન આવે કે 'આ પ્રયત્ન કર્યો હોત તો સારૂં થાત.'

કેટલાક પ્રયત્નો કરવા પડે છે, જ્યારે કેટલાક પ્રયત્નો જીવ પરાણે કરે છે અને પાછળથી પસ્તાય છે.

૧૭૦. આધ્યાત્મિક માર્ગ તરફ જનારા આત્માઓની ભૂલો આધિભૌતિક માર્ગ તરફ જનારાઓને કેમ સમજાય? ન જ સમજાય. છતાં તેઓ આધ્યાત્મિક માર્ગના પથિકોની ભૂલો બતાવે છે. કેટલીક વખત એ ભૂલો ખરી પણ હોય, પણ એ બતાવનારાઓ એ ભૂલો સુધરે એ માટે બતાવતા નથી, પણ પોતાના માર્ગની પુષ્ટિ માટે અને સામાના માર્ગની હાનિ માટે બતાવતા હોય છે. કોઇની પણ વાતમાં હિતબુદ્ધિથી માથું મારો તો તે પણ ગમશે, પણ અહિત બુદ્ધિથી કાંઇ પણ કરશો એ ઠીક નહિ ગણાય.

૧૭૧. અન્ય સર્વ રસો એવા છે કે જેનો પરિચય પરિણામે કંટાળો ઉપજાવે છે, જ્યારે એક શાંત રસ જ એવો છે કે તેનો પરિચય જેમ જેમ વધે છે તેમ તેમ તેમાં વિશેષ આહ્લાદ આવતો જાય છે.

જે રસને માટે બીજા બધા રસોનું આયોજન થયું છે તે જ રસ તરફ જગત્ જ્યારે ઉપેક્ષા સેવે છે, ત્યારે ખરેખર અજ્ઞાન કેટલું ભયંકર છે એ સમજાય છે.

૧૭૨. હું બીજાની ભૂલ જોઇને હસું છું; પણ બીજો મારી ભૂલ જોઇને મલકે છે. જ્યારે અમારા બંનેની ભૂલ જોઈને કોઈ ત્રીજો રમૂજ માણે છે. આમ રમૂજોના ચક્રો ચાલ્યા જ કરે છે. પણ એથી છૂટવા માટે મારે કોઇની પણ ભૂલ જોઈને હસવું નહિ એ માર્ગ છે. જ્યારે હું એ છોડી દઇશ ત્યારે મારી ભૂલ જોઇને હસતા માણસો ઉપર મને ચીડ નહિ ચડે પણ એમ લાગશે કે તેઓ એક ભુલ કરી રહ્યા છે. મને મારી ભૂલ સુધારવાની તક મળશે. ભૂલનો પણ એ રીતે અંત આવશે. પછી તો હસતાં અને નહિ હસતાં બધાનો દ્દષ્ટા બનવાનું સૌભાગ્ય હું મેળવી શકીશ.

૧૭૩. કેટલાક માણસો મૂંઝવણોથી વિચિત્ર રીતે મૂંઝાઇ જાય છે અને છેવડે મૂંઝવણો દૂર કરવામાં અસફળ નીવડે છે, એટલે પ્રાણત્યાગ કરવા વિચારતા હોય છે. જો કે પ્રાણત્યાગ કરવા માટે પણ તેઓની પૂરી તૈયારી હોતી નથી, પરંતુ છેવટના ઉપાય તરીકે તેઓ એને વિચારતા હોય છે. પણ તેઓ પરભવનો વિચાર કરે તો જરૂર તેઓ પ્રાણત્યાગનો વિચાર માંડી વાળે. જે મુશીબતોનો સામનો અહિં નથી થઈ

શકયો તે મુશીબતો પ્રાણુત્યાગ કરવાથી દૂર જવાની નથી. પણ જ્યાં જવાનું છે ત્યાં પહેલેથી જઈ પહોંચી હોય છે. એટલે અહિં સર્વ પ્રકારે મુશીબતોનો સામનો કરવા પૂરેપૂરૂં કટિબદ્ધ થવું જોઇએ. પૂરેપૂરું જોર કરવામાં આવે તો ગમે તેવી મુશીબતો ક્ષણુમાત્રમાં વિલય પામી જાય છે.

૧૭૪. જ્યારે જ્યારે જીવન જોઉં છું ત્યારે ત્યારે તેનું કોઇપણુ એક પલ્લું ઊંચું અને બીજું પલ્લું નીચું જ થયેલું હોય છે. એને સરખા કરવા માટે પ્રયત્નો પણ પૂરા અને યથાર્થ થતા નથી. કયારેક થાય છે તો તે કારગત થતા નથી. એ બન્ને પલ્લા સમતુ-લામાં આવી જાય એવી ઈચ્છા છે. એ સાધ્ય છે. એ થઈ જાય એટલે બસ. બીજી કોઈ ઈચ્છા નથી. એ ઇચ્છા સફળ નથી થતી, એટલે જ બીજી વિરૂપ ઇચ્છાઓ જન્મે છે. એ ઈચ્છા બંને પલ્લાંને સમ-તુલામાં લાવવાની ઇચ્છા. તે સફળ થાય તો પછી બીજી ઇચ્છા પણ ન રહે. જરૂર એક વખત બંને પલ્લાંને સરખી હારમાં, એક શ્રેણીમાં લાવવા છે. તે માટે ગમે તેવો ભગીરથ પ્રયત્ન કરવો પડે તો તે કરવા તૈયાર થવું છે. જીવનની દોરી ઉપર ઝુલતા એ બે પલ્લાનું નામ છે રાગ અને દ્વેષ. એ ઊંચાનીચા થયા જ કરે છે. એની સમતુલા, એ છે એની શાંતિ. એ આવે એટલે બસઃ

इति शम् ॥

મને કહેવા દયો, શાપરીઆના

ફ્લેટ સ્પ્રીંગવાળા

રોલીંગ શટરોની

તરફેણમાં

૧. બિલ્કુલ સરળ અને કોઈ પણ જાતની તકલીફ વગરનું સંચાલન

૨. લાંબાગાળાના વપરાશ પછી પણ સ્પ્રીંગો ઢીલી પડતી નથી.

૩. કદાચિત કોઈ ભાગ બદલવો પડે તો તે સુગમતાથી બદલી શકાય.

૪. ફ્લેટસ્પ્રીંગ વાપરેલી હોવાથી તેના પોલાણવાળા શાફ્ટમાં બિલ્કુલ ઓછો ઘસારો લાગે છે.

૫. ઘણી ઓછી કીંમતે લાંબો સમય ચાલે છે.

ઉત્તમ બનાવટ છતાં કીફાયત કિંમતના શાપરીઆના ફ્લેટ સ્પ્રીંગવાળા રોલીંગ શટરો વાપરી સંતોષ મેળવો.



શાપરીયા ડૉક એન્ડ સ્ટીલ કું. પ્રાઈવેટ લી.

ફોનઃ ૪૦૪૦૮ પટેલ રોડ, ક્રાસ લેઇન, મુંબઈ ૧૨ ગ્રામ્સ: શાપરીઆ (SHAPARIA)

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી
સર્વત્ર એક સરખો આદર પામેલી

જૈન શિક્ષાવલી

પ્રથમ શ્રેણીનાં ૧૨ પુસ્તકો

૧ જીવનનું ધ્યેય
૨ પરમપદનાં સાધનો
૩ ઈષ્ટદેવની ઉપાસના
૪ સદ્ગુરુસેવા
૫ આદર્શ ગૃહસ્થ
૬ આદર્શ સાધુ
૭ નિયમો શા માટે ?
૮ તપની મહત્તા
૯ મંત્રસાધન
૧૦ યોગાભ્યાસ
૧૧ વિશ્વશાંતિ
૧૨ સફલતાનાં સૂત્રો

શ્રેણીનું મૂલ્ય રૂા. ૬–૦૦, પોસ્ટેજ રૂા. ૧–૨૫ અલગ.
માત્ર ગણતરીની નકલો જ બાકી રહી છે, માટે તમારી નકલ આજે જ મેળવી લો.

જૈન સાહિત્ય-પ્રકાશન–મંદિર

લઘાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઇ ૯.
તથા જાણીતા બુકસેલરો

સુંદર અને સબળ વાંચન પૂરું પાડતી ઘરઘરની માનીતી
જૈન ધર્મરસિકોએ અવશ્ય વાંચવા યોગ્ય

જૈન શિક્ષાવલી

બીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો

નીચે પ્રમાણે રજૂ કરે છેઃ—

પુસ્તકોનાં નામ

૧ સારું તે મારું
૨ જ્ઞાનજ્યોતિ
૩ દાનની દિશા
૪ કર્મસ્વરૂપ
૫ નયવિચાર
૬ સામાયિકની સુંદરતા
૭ મહામંત્ર નમસ્કાર
૮ કેટલાક યંત્રો
૯ આયંબિલ રહસ્ય
૧૦ આહારશુદ્ધિ
૧૧ તીર્થયાત્રા
૧૨ સુધાબિન્દુ

કિ રૂા. ૬–૦૦, પોસ્ટેજ રૂા. ૧–૨૫ અલગ.
આજે જ મેળવી લ્યો.

જૈન સાહિત્ય–પ્રકાશન–મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ–૯

યોગવિદ્યાનો અદ્વિતીય ગ્રંથ

'ઉમેશ યોગદર્શન

પ્રથમ ખંડ : ચાર ભાષામાં

ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી

લેખક :-યોગીરાજ શ્રી ઉમેશચંદ્રજી.

સંસ્થાપક અને સંચાલક : શ્રી રામતીર્થ યોગાશ્રમ, મુંબઈ-૧૪.

આ ગ્રંથમાં રોગી, નીરોગી સ્ત્રી-પુરૂષોની તંદુરસ્તી સારી રાખવા માટે ૬ પ્રકારના મલશોધન કર્મ, આસનો, માનસિક ઈલાજો, જલોપચાર, સૂર્યકિરણચિકિત્સા, આહારચિકિત્સા વિ. અનેક શક્તિવર્ધક, રોગનિવારક સરળ અને સાધ્ય ઇલાજો બતાવ્યા છે. ૪૦૦ થી વધુ પૃષ્ઠો અને ૧૦૮ થી વધુ ફોટાઓ છે. આ પુસ્તકમાં ૩૫ વર્ષોનો પોતાનો અનુભવ સ્વામીજીએ રજુ કર્યો છે. બધાને યોગ્ય માર્ગદર્શન આપતું આ અજોડ પુસ્તક છે. કિંમત રૂા. ૧૫/-, પોસ્ટેજ રૂા. ૨/- અલગ. વી. પી. કરતા નથી.

શ્રી રામતીર્થ યોગાશ્રમ, દાદર, મુંબઇ - ૧૪.

ત્રિવિધ સેવા

લેખન : જીવનચરિત્રો, નિબંધો, લેખો, વિવેચનો, કથાઓ તૈયાર કરી આપવામાં આવે છે.

મુદ્રણ : અમારી દેખરેખ નીચે પુસ્તકો સુંદર રીતે છપાવી આપીએ છીએ. તેને લગતાં ચિત્રો, બ્લોકો પણ તૈયાર કરી આપીએ છીએ.

પ્રકાશન : અમારી મારફત છૂટક પુસ્તકો તથા ગ્રંથમાલા રૂપે પુસ્તકો પ્રકટ કરાવવા હોય તે પણ કરી આપવામાં આવે છે.

વિશેષ જાણવા પત્રવ્યવહાર કરો :—

જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ ચીંચ બંદર, મુંબઈ-૯

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સમજવા માટે નવીન દૃષ્ટિ આપતી

જૈન શિક્ષાવલી

ત્રીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો

સં. ૨૦૧૭ ના માહ સુદિ પૂનમે પ્રગટ થશે. અગાઉથી લવાજમ ભરનાર માટે સ્થાનિક રૂા. ૫=૦૦. બહારગામ માટે રૂા. ૬=૨૫. તમારું લવાજમ આજે જ મ. ઓ. થી મોકલી આપો.

પુસ્તકોનાં નામ

૧ ભાવના ભવનાશિની
૨ સમ્યક્ત્વસુધા
૩ શક્તિનો સ્રોત
૪ અહિંસાની ઓળખાણ
૫ જીવનઘડતર
૬ બ્રહ્મચર્ય
૭ પ્રાર્થનાનું રહસ્ય
૮ પ્રતિક્રમણનું રહસ્ય
૯ ઉવસગ્ગહરં સ્તોત્ર
૧૦ તંત્રોનું તારણ
૧૧ સાધર્મિકવાત્સલ્ય
૧૨ જૈન પર્વો

卐 જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર 卐

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ-૯

શ્રી નવપ્રભાત પ્રેસ—અમદાવાદ.